dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 73 | AD - 2024, Magashirsha Vad - 01 | Monday, Dt.16-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ૩૩ વર્ષ બાદ કેબિનેટ વિસ્તરણ અને શપથગ્રહણ નાગપુરમાં થયુ, મહાયુતિનાં ૪૨ મંત્રીઓએ શપથ લીધા

# આખરે મહારાષ્ટ્રમાં ફડણવીસ મંત્રીમંડળનું વિસ્તરણ

**પંકજા મુંડે અને તેમના ભાઈ ધનંજય મંત્રી બન્યા, હસન મુશ્રીફ કેબિનેટમાં એકમાત્ર મુસ્લિમ ચહેરો**

નાગપુર, તા.૧૫

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામોના ૨૩મા દિવસે રવિવારે નાગપુરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થયું હતું. નાગપુર વિધાન ભવનમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. સૌથી પહેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષ બાવનકુલે અને ૬ મુખ્યમંત્રીઓ સાથે કામ કરી ચૂકેલા રાધાકૃષ્ણ પાટીલે શપથ લીધા હતા. ફડણવીસ સરકારમાં ૩૩ કેબિનેટ અને ૬ રાજ્ય મંત્રીઓએ શપથ લીધા. સીએમ અને ૨ ડેપ્યુટી સીએમ સહિત આ સંખ્યા વધીને ૪૨ થઈ ગઈ છે. કેબિનેટમાં કુલ ૪૩ મંત્રીઓ શપથ લઈ શકે છે. એક સીટ ખાલી રાખવામાં આવી છે. ફડણવીસ સરકારમાં ૧૯ ભાજપ, ૧૧ શિવસેના (એકનાથ શિંદે જૂથ) અને ૯ NCP (અજિત પવાર જૂથ) ક્વોટામાંથી મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૪ મહિલા (૩ BJP, ૧ NCP) અને ૧ મુસ્લિમ (NCP) ચહેરાને સ્થાન મળ્યું છે. કેબિનેટમાં સૌથી યુવા મંત્રી NCPના અદિતિ તટકરે (ઉં.વ.૩૬) છે અને સૌથી વૃદ્ધ મંત્રી ભાજપના ગણેશ નાઈક (ઉં.વ.૭૪) છે. ભાજપના પંકજ ભોયર (PHD) સૌથી વધુ શિક્ષિત મંત્રી છે. શિવસેનાના ભરત ગોગાવલે સૌથી ઓછા ભણેલા (૮ પાસ) મંત્રી છે. કેબિનેટમાં ૩૦-૪૦ વર્ષની વયના બે મંત્રીઓ, ૪૦-૫૦ વર્ષની વયના ૧૨ મંત્રીઓ, ૫૦-૬૦ વર્ષની વયના ૧૨ અને ૬૦ વર્ષથી ઉપરના ૧૩ મંત્રીઓનો સમાવેશ



કરવામાં આવ્યો છે. નાગપુરમાં ૩૩ વર્ષ બાદ મંત્રીઓએ શપથ લીધા હતા. અગાઉ ૧૯૯૧માં કોંગ્રેસના સીએમ સુધાકરરાવ નાઈકની કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. BJP MLC પંકજા મુંડે અને તેમના ભાઈ NCP ધારાસભ્ય ધનંજય મુંડેને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. બંને ગોપીનાથ મુંડે પરિવારના છે. નિલેશ રાણે ભાજપના ક્વોટામાંથી મંત્રી બન્યા છે. તેઓ રત્નાગિરી-સિંધુદુર્ગના બીજેપી સાંસદ અને પૂર્વ સીએમ નારાયણ રાણેના પુત્ર છે. તેમના ભાઈ પણ ધારાસભ્ય છે. અજિત પવારે કહ્યું કે શપથ લેનારા મંત્રીઓનો કાર્યકાળ અઢી વર્ષનો રહેશે. આ નિયમ મહાયુતિના તમામ ધારાસભ્યોને લાગુ પડશે. ભાજપ પાસે ગૃહ, શિવસેના પાસે આરોગ્ય અને એનસીપી પાસે નાણાં વિભાગ હશે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભાજપ ગૃહ, મહેસૂલ, ઉચ્ચ શિક્ષણ, કાયદો, ઉર્જા, ગ્રામીણ વિકાસને પોતાની પાસે રાખવા માંગે છે. પાર્ટીએ શિવસેનાને આરોગ્ય, શહેરી વિકાસ, જાહેર કામ અને ઉદ્યોગની ઓફર કરી છે. તે જ સમયે નાણાં, આયોજન, સહકાર, કૃષિ જેવા વિભાગો NCPને ઓફર કરવામાં આવ્યા છે. ગૃહ અને નાણાં મંત્રાલયો અંગે સર્વસંમતિના અભાવે કેબિનેટ વિસ્તરણમાં વિલંબ થયો હતો. ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે ગૃહ અને નાણા મંત્રાલયનો દાવો કરી રહ્યા હતા, જ્યારે ભાજપ ગૃહ મંત્રાલય કોઈને આપવા માંગતી ન હતી. શિંદે સરકારમાં ગૃહ મંત્રાલય તત્કાલીન ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ પાસે હતું. એટલા માટે એકનાથ શિંદે ગૃહ મંત્રાલય પોતાની પાસે રાખવા માંગતા હતા. મહારાષ્ટ્ર સરકારે શિયાળુ સત્ર પહેલા રવિવારે સાંજે ચા પાર્ટીનું આયોજન કર્યું છે. શિવસેના (UBT)ના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું છે કે મહાવિકાસ અઘાડી આ ચા પાર્ટીનો બહિષ્કાર કરશે. આમાં કોઈ MVA ધારાસભ્ય ભાગ લેશે નહીં. અંબાદાસ દાનવેએ એમ પણ કહ્યું કે શપથ ગ્રહણ સમારોહમાં વિપક્ષને આમંત્રણ આપવામાં આવ્યું નથી.

### જો આજે બિલ રજૂ નહીં થાય તો પાસ કરાવવું સરકાર માટે મુશ્કેલ

# 'વન નેશન વન ઈલેક્શન' બિલ આજે લોકસભામાં રજૂ નહીં થાય

**બંધારણ સુધારો બિલ પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી**

નવીદિલ્હી,તા.૧૫

વન નેશન વન ઈલેક્શન'ને લઈને અસમંજસની સ્થિતિ સર્જાઈ રહી છે. આ બિલ અગાઉ ૧૬ ડિસેમ્બર સોમવારે લોકસભામાં રજૂ થવાનું હતું. તે પણ ૧૬મીએ લિસ્ટ કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આ બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે નહીં. કારણ કે આ બિલ લોકસભાની સુધારેલી યાદીમાં નથી. તમને જણાવી દઈએ કે સરકારે આ બિલની કોપી સાંસદોને પણ મોકલી છે જેથી તેઓ તેનો અભ્યાસ કરી શકે.

તમને જણાવી દઈએ કે સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યું છે. જો આ બિલ ૧૬ ડિસેમ્બરે રજૂ કરવામાં નહીં આવે તો સરકાર પાસે માત્ર ચાર દિવસ જ બચશે. આવી સ્થિતિમાં આ બિલ પર ચર્ચા થવાની શક્યતા ઓછી જણાઈ રહી છે.

જણાવી દઈએ કે પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે ૧૨ ડિસેમ્બરે



લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી એક સાથે કરાવવા માટે બંધારણીય સુધારા બિલ વન નેશન વન ઈલેક્શનને મંજૂરી આપી હતી. કેબિનેટે બે કાયદાના મુસદ્દાને મંજૂરી આપી હતી, જેમાંથી એક લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની એક સાથે ચૂંટણીઓ સાથે સંબંધિત બંધારણ સુધારો બિલ છે, જ્યારે અન્ય બિલ વિધાનસભા ધરાવતા ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોની એક સાથે ચૂંટણીઓ સાથે સંબંધિત છે.

એક બંધારણ સુધારો ખરડો લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની એકસાથે ચૂંટણીઓથી સંબંધિત છે, જ્યારે અન્ય બિલ વિધાનસભા ધરાવતા ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોની એક સાથે ચૂંટણીઓ સાથે સંબંધિત છે.

બંધારણ સુધારો બિલ પસાર કરવા માટે, બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે, જ્યારે બીજા બિલ માટે ગૃહમાં સામાન્ય બહુમતી જરૂરી છે.

ભારતીય જનતા પાર્ટીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટેના તેના ઢંઢેરામાં આ વિચાર પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઇ સમાધાન નહી
માણસની તંદુરસ્તી સાથે
કોઇ રમત નહીં તો રાહ શેની જુઓ છો
તો પધારો આજેજ અમારી ફેક્ટરી પર
100%VEG
सम्राट अशोक
100% PREMIUM QUALITY
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલુ.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઈન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
Enriched With Vitamin A & D
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઇ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

શિયાળામાં સૌથી વધુ થતી બીમારીઓ
નવજીવન જનરલ હોસ્પિટલ
સાંધાનો દુખાવો
બ્રેઈન સ્ટ્રોક (પેરાલિસિ)
હ્રદયરોગ (હાર્ટ એટેક)
સીઝનલ ફ્લૂ
અસ્થમા
શરદી ઉદરસ
કોઈપણ પ્રકારની જટિલ બીમારી હોય કે, સાધારણ શરદી ઉદરસ તમારા સ્વાસ્થ્યની સંભાળ માટે આજે જ અમારા નિષ્ણાંતની સલાહ લ્યો.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક
99782 73000
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર સામે મુસ્લિમોએ લખનૌમાં કેન્ડલ માર્ચ કાઢી

લખનૌ,તા.૧૫



ઉત્તર પ્રદેશના લખનૌની શેરીઓમાં જોવા મળેલું દ્રશ્ય વખાણવા લાયક હતું. ઘણા મુસ્લિમો હાથમાં મીણબત્તીઓ લઈને રસ્તા પર જોવા મળ્યા હતા, જેઓ બાંગ્લાદેશની સ્થિતિને લઈને વિરોધ કરી રહ્યા હતા. ઉત્તર પ્રદેશના લખનૌમાં મુસ્લિમ શિયા સમુદાયના કેટલાક સભ્યોએ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પરના 'અત્યાચાર' વિરુદ્ધ કેન્ડલ માર્ચ કાઢી હતી. શનિવારે લખનૌના છોટા ઈમામબારામાં કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. માર્ચનું નેતૃત્વ કરી રહેલા મૌલાના કલ્બે જવાદે કેન્દ્ર સરકારને બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતા અત્યાચારની સમીક્ષા કરવા અને પાકિસ્તાનને 'આતંકવાદી રાજ્ય' જાહેર કરવા સંયુક્ત રાષ્ટ્ર પર દબાણ લાવવા વિનંતી કરી હતી.

AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
Care is our culture
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM,
DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના આધુનિક મશીન જેમાં AI ટેક્નોલોજી, રિચાર્જેબલ, બ્લુટૂથ ટેક્નોલોજી, વોટરપ્રુફ, બેસ્ટ સાઉન્ડ ક્વોલીટી સાથે મળશે.
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
એક્સચેંજ ઓફર ઉપલબ્ધ
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૬-૧૨-૨૦૨૪

# જાફરાબાદ નર્મદા કોલોનીમાં વિદેશી ચલણી નોટ સહિત રૂા. ૭.૨૫ લાખની ઘરફોડ

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદની નર્મદા કોલોનીમાં તસ્કરોએ રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતું. વિદેશી ચલણી નોટ સહિત રૂ. ૭,૨૫,૭૧૮નો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયા હતા. અજીતકુમાર પશુપતિનાથ ચોબે (ઉ.વ.૪૩)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, જાફરાબાદ નર્મદા કોલોનીમાં લલીત ગુપ્તા તથા વિકાસ વર્માના રહેણાંક મકાનના દરવાજાના



આલ્ડ્રાફ તોડી તીજોરીમાં રહેલ દર દાગીના કિં.રૂ.૬,૭૨,૦૦૦, રોકડ રૂ.૫૦૦૦ તથા વિદેશી ચલણી નોટ કિં.રૂ.૪૮,૭૧૮ મળી કુલ કિં.રૂ.૭,૨૫,૭૧૮ની ઘરફોડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર. ભાચકન વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના ૬ ગામોમાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત

બાબરા, તા.૧૫

બાબરા તાલુકાના કોટડાપીઠા જિલ્લા પંચાયત સીટના ૬ ગામોમાં રૂપિયા ૧.૩૭ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના સેવા



અને સમર્પણના બે વર્ષ પૂરા થવાની ઉજવણીમાં આયોજિત આ કાર્યક્રમમાં ગરણી, કર્ણુકી, કોટડાપીઠા, વાવડા, વાકિયા અને લાલકા ગામોમાં સીસી રોડ, બ્લોક રોડ, દિવાલ, કોઝવે, સ્વચ્છતાના સાધનો, LED લાઈટ, આંગણવાડીનું રિપેરિંગ, પ્રાથમિક શાળામાં શેડ, ભૂગર્ભ ગટર, સ્નાનઘાટ, અવેડો વગેરે જેવા વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ, મહામંત્રી હિતેશભાઈ, પૂર્વ પ્રમુખ ભરતભાઈ, પૂર્વ મહામંત્રી મહેશભાઈ અને પારસભાઈ સહિતની ટીમ પણ હાજર રહી હતી. તાલુકા વિકાસ અધિકારી શિરોયા અને બાંધકામ સ્ટાફે પણ આ કાર્યક્રમમાં જહેમત ઉઠાવી હતી. ગામના પ્રવાસ દરમિયાન ગ્રામજનોએ વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા અને ધારાસભ્ય અને જિલ્લા પંચાયત સદસ્યે તેમની સમસ્યાઓ સાંભળી અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# ખાંભાના નવી કાતર ગામે પરિણીતાને સાસરિયાએ જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૧૫

ખાંભાના નવી કાતર ગામે રહેતી એક પરિણીતાને સાસરિયાએ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ખળભળાટ મચી ગયો હતો. બનાવ અંગે અસ્મિતાબેન દિલુભાઈ વહરા (ઉ.વ.૨૭) એ પતિ દિલુભાઈ રામકુભાઈ વહરા, દમુબેન રામકુભાઈ વહરા, રામકુભાઈ આપભાઈ વહરા તથા નિરૂપાબેન રામકુભાઈ વહરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નજીવન દરમિયાન આરોપીએ ભેગા મળી ઘરકામ બાબતે દુઃખ ત્રાસ આપી, ગાળો બોલી, ઝઘડો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં નબળી ગુણવત્તાના રસ્તા અને વિલંબિત કામો સામે ધારાસભ્ય કસવાલાની ચિમકી

**ગામડાઓના રોડ રસ્તાઓ રઝળાવતા કોન્ટ્રાક્ટરો સામે તંત્રની કડક કાર્યવાહી**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા અને લીલીયા તાલુકાના ગ્રામીણ માર્ગો બનાવવામાં લાપરવાહી સાથે નિષ્ક્રિયતા દાખવતી અમદાવાદની અર્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એજન્સી સાવરકુંડલા તાલુકાના જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાના કામોમાં સાવરકુંડલાથી નાનાભમોદ્રા, વીરડી - નેમીનાથના રસ્તાની કામગીરીઓ ઘણા સમયથી કરેલી ન હોય ધાર - પિયાવા, આદસંગ - ઘનશ્યામનગર રસ્તાની અધૂરી કામગીરીઓ અંગે સ્થાનિકોની ઉગ્ર રજૂઆતો મહેશભાઈ કસવાલાને ધ્યાને આવતા માર્ગ અને મકાન



વિભાગના અધિકારીઓને આ અંગે એજન્સી સામે કડક હાથે કામગીરી કરવાની સૂચના મળતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામમાં બેદરકારી સાથે અધૂરા કામો સામે કોન્ટ્રાક્ટ રદ કરી પુનઃ ટેન્ડર પ્રક્રિયા સત્વરે કરીને ગ્રામીણ માર્ગોના નવીનીકરણ તાત્કાલિક થાય તે અંગેની કાર્યવાહી તંત્ર તરફથી કરવામાં આવી હતી. પેધી ગયેલી રોડ રસ્તાના કામોની એજન્સીઓ સામે ધારાસભ્ય કસવાલાએ શેહશરમ રાખ્યા વગર કાર્યવાહી કરી હતી.

# ખાંભામાં બાકી પૈસામાં ટાયર આપવાની ના પાડી ગાળો આપી

**ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે.પરમારે વધુ તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૧૫

ખાંભામાં રહેતા સલીમભાઈ દાઉદભાઈ સોલંકી (ઉ.વ૩૨)એ જયદીપભાઈ ભગવાનભાઈ પીપલીયા, ભગવાનભાઈ પીપલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીની દુકાને જઈ મોટર સાયકલનું ટાયર માંગતા તેમણે બાકીમાં દેવાની ના પાડી હતી. ઉપરાંત અગાઉનો હિસાબ તેના ભાઈને ફોન કરી પૂછવાનું કહેતા ગાળો દેવા લાગ્યા હતા. ઉપરાંત મુંઢમાર માર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં વિદ્યાર્થીઓએ બનાવ્યા માટીના રમકડા

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના મહુવા રોડ પર આવેલ એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નવીન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં જ શાળામાં વિદ્યાર્થીઓ માટે



માટીના રમકડા બનાવવાની એક રસપ્રદ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારના માટીના રમકડા બનાવ્યા હતા. શાળાના શિક્ષકો અને સ્ટાફે વિદ્યાર્થીઓને આ કામમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# સાવરકુંડલાની નાવલી નદીના પટમાં આવેલી શાકમાર્કેટનો ઉધ્ધાર ક્યારે થશે?

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલામાં નાવલી નદીમાં રિવરફ્રન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ વર્ષોથી નાવલી નદીના પટમાં બેસતી આ શાકમાર્કેટનો ઉધ્ધાર ક્યારે થશે તેવો પ્રશ્ન નગરજનો કરી રહ્યા છે. સાવરકુંડલામાં છેલ્લા કેટલાય દસકાઓથી શાક માર્કેટ નદીના પટમાં આવેલ છે. હવે સ્થાનિક ધારાસભ્યના પ્રયાસથી નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવાનું



આયોજન છે, આ શાકમાર્કેટ માટે વ્યવસ્થિત જગ્યાએ અદ્યતન સુવિધાસભર બિલ્ડિંગ બને એ જરૂરી છે. જોકે ભૂતકાળમાં નગરપાલિકા દ્વારા આ સંદર્ભે જેસર રોડ જિંજુડા ગેઈટ ખાતે અને દેવળા ગેઈટ ખાતે શાકમાર્કેટની ઈમારત બનાવેલ હતી, પરંતુ એ સફળ થઈ નથી. તેના કારણોની નોંધ લઈને આ નાવલી નદીમાં બેસતાં શાકભાજી વેપારીઓ માટે કોઈ યોગ્ય સ્થાને સ્થળાંતર કરવું જોઈએ તેવી લોકોની માગણી છે.

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જાફરાબાદમાં બે પક્ષોએ સામસામી જાનથી મારવાની ફરિયાદ નોંધાવી

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદમાં બે પક્ષોએ એકબીજા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. દિવ્યાબેન કાનજીભાઈ બારૈયા (ઉ.વ.૨૨)એ વિજયભાઈ સોલંકી, શારદાબેન વિજયભાઈ સોલંકી તથા લક્ષ્મીબેન સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈને આરોપી વિજયભાઈએ માર માર્યો હતો. જે બાબતે સમજાવવા જતાં સારું નહોતું લાગ્યું અને લાકડાના ધોકા વડે તેમની બહેનને માર માર્યો હતો. તેમજ ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપી હતી. આ પછી શારદાબેન વિજયભાઈ સોલંકી (ઉ.વ.૩૫)એ કલુબેન કાનજીભાઈ, રવીનાબેન કાનજીભાઈ, દિવ્યાબેન કાનજીભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને તથા તેના જેઠાણી-સાસુને આરોપીએ જેમ ફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટુ માર્યા હતા. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. જાફરાબાદ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રમતોત્સવ યોજાયો

અમરેલી,તા.૧૫

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં યોજાયેલા રમતોત્સવે વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રમતગમતના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ખેલદિલી, સહકાર અને સમૂહભાવના જેવા ગુણોનો વિકાસ થાય તેવો હેતુ પણ આ રમતોત્સવ પાછળ હતો. આ રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડ, રસ્સાખેંચ, સંગીત ખુરશી, લીંબુ



ચમચી, કોથળા દોડ અને ખો-ખો જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ આ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં રમતોત્સવના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક રીતે સક્ષમ બની જીવનમાં દરેક ક્ષેત્રમાં ઉત્તમ સફળતા પ્રાપ્ત કરવા પ્રેરિત કર્યા હતા. તેમણે વિજેતા ટીમને પ્રોત્સાહક ઈનામો અને સર્ટિફિકેટ આપી અભિનંદન પાઠવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

### આ રીતે ખેડૂત પુત્રને આઈપીએસ બનવાનો વિચાર આવ્યો

# અમરેલીના એસપી સંજય ખરાત ખેતરમાં હળ ચલાવવાનું પણ જાણે છે

સ્પેશિયલ રિપોર્ટ મયુર ખૂંટ

અમરેલી, તા.૧૫

ગત સપ્તાહે રાજ્યમાં ૨૫ આઈપીએસની બદલી કરવામાં આવી હતી. અમરેલીના એસપી હિમકર સિંહના સ્થાને સંજય ખરાતની નિમણૂક કરવામાં આવી હતી. સંજય ખરાતે અમરેલી એસપી તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે. તેમની સામે અમરેલી જિલ્લામાં કેટલાક પડકારો હશે. અમરેલીમાં ગુનાખોરીને ડામવાનું કામ તત્કાલીન એસપી અને હાલ સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયે કર્યું હતું. જેને હાલ રાજકોટ ગ્રામ્યના એસપી તરીકે મૂકવામાં આવેલા હિમકરસિંહે પણ જાળવી રાખ્યું હતું. નવા એસપી સંજય ખેરાત આ ચીલે જ ચાલશે કે ગુનેગારોનો ઠંડીમાં પરસેવો છૂટી જાય તેવો નવો ચીલો ચાતરશે તે તેમની આગામી બદલી ન થાય ત્યાં સુધીમાં ખબર પડી જશે. એસપી સંજય ખરાત સામે અમરેલી જિલ્લામાં સતત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બની રહે, ઘરફોડિયા ગેંગ, તસ્કરોનો તરખાટ સહિત દેશી વિદેશી દારૂની રેલમછેલ ઉપરાંત સગીર યુવતીઓ અને મહિલાઓ પર સતત વધી



રહેલા અત્યાચાર અને અસામાજિક તત્વોનો ખોફ, જુગાર, વરલી-મટકા, સટ્ટાબાજી અને આંકડા રમાડવા સહિત અનેક ગુનાહીત કૃત્યો અટકાવવાના પડકાર રહેશે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની અમલવારી કરાવવામાં કેવા પ્રકારના પગલાં ભરશે તે થોડા જ દિવસોમાં ખબર પડી જશે. ઉપરાંત જિલ્લામાં તંત્ર અને આરટીઓના અધિકારીઓની રહેમ નજર હેઠળ હાઈવે અને અંતરિયાળ માર્ગો પર દોડતા અને મુસાફરોથી અંદર, ઉપર-નીચે ખીચોખીચ ભરી લોકોના જીવ જોખમમાં મુકતા ખાનગી પેસેન્જર વાહનો, જિલ્લા સહિત આસપાસના જિલ્લામાંથી પશુઓની તસ્કરી કરી ગેરકાયદેસર કતલખાને ઘુસાડવાના ગોરખધંધામાં સંકળાયેલા પશુ તસ્કરો અને કસાઈઓ સામે કાનૂની ગાળીયો કસવામાં આવશે કે કેમ ..? સગીરાઓ અને મહિલાઓ પર થતા અત્યાચાર, હત્યા, બળાત્કાર, છેડતી, જેવા જઘન્ય અપરાધોના ઊંચકાઈ રહેલા ગ્રાફને અટકાવવા અને કાબુમાં લેવાનો પડકાર પણ જિલ્લાના યુવાન એસ.પી. સામે રહેશે. અમરેલીના જિલ્લાના તાલુકા મથકો, હટાણાના મુખ્ય શહેરોમાં ખડકાયેલા રહેતા પેસેન્જર વાહનો, વાહનચાલકોને આડેધડ પાર્કિંગ અને રાજમાર્ગો પર ખડકાયેલા લારીવાળા અને ફેરિયાવાળાઓથી સર્જાતા ટ્રાફિકથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે ત્યારે ટ્રાફિક સર્જનાર પરિબળો સામે દંડનીય અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે. તેમજ જિલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની સ્થાનિક બુટલેગરો અને આંતરરાજ્ય બુટલેગરો સાથેની ચર્ચાતી ભાઈબંધી ખાળવામાં સફળ રહેશે કે નહીં..? તેવા પ્રશ્નો લોકોના મનમાં ઉદભવ્યા છે.

**નાનપણથી જ સરકારી નોકરીની ઈચ્છા હતી**

સંજય ખરાત મૂળ મહારાષ્ટ્રના સોલાપુરના રહેવાસી છે અને ૨૦૧૪ કેડરના આઈપીએસ અધિકારી છે. તેઓ ૨૦૧૬થી કામ કરે છે અને ખેડૂત પરિવારમાંથી આવે છે. પરિવારની સ્થિતિ સામાન્ય હતી, તેથી નાનપણથી ખેતીના બદલે સરકારી નોકરી કરવાની ઈચ્છા હતી. કૉલેજ પૂનામાં કરી, ૨૦૦૬માં એક કાર્યક્રમમાં ગયા ત્યાંથી આઈપીએસ બનવાનો વિચાર આવ્યો હતો.

**વાવણીથી લઈ કાપણી સુધીની તમામ પ્રક્રિયા જાણે છે એસપી**

આઈપીએસ સંજય ખરાતના મમ્મી-પપ્પા અભણ છે. બે ભાઈ છે, જે પૈકી એક ખેતી કરે છે અને એક બિઝનેસ કરે છે. બીએસસી એગ્રીકલ્ચર કર્યું હોવાથી તેમને હજુ પણ ખેતીમાં રસ છે. રજા લઈને જ્યારે તેઓ વતન જાય છે ત્યારે બેગ મૂકીને તરત જ ખેતરમાં ઉપડી જાય છે. ખેતીમાં કેવી રીતે હળ ચલાવવું તે પણ જાણે છે, તેમજ વાવણીથી લઈ કાપણી સુધીની તમામ પ્રક્રિયા જાણે છે.

## દામનગરમાં લટુરીયા હનુમાનજી મંદિરે સંતવાણીનું દિવ્ય આયોજન

દામનગર, તા.૧૫



દામનગરમાં ભજન ધામ લટુરીયા હનુમાનજી મંદિરે પૂનમની રાત્રે સંતવાણીનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કલાકારો રઘુવીર દેવ, શુભમ જોશી - સાજીંદાઓ તબલાવાદક મહાવીર બાપુ રામાનુજ અને બેન્જો વાદક હિતેશબાપુ ગોંડલીયાની સાથે મંજીરાના માણીગરો કનુભાઈ બુધેલીયા, જગદિશબાપુ ગૌસ્વામી અને શૈલેષભાઈ પ્રજાપતિ દ્વારા સંતવાણી - ભજન રજૂ કર્યા હતા. આ સંતવાણીનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

## દામનગરના સરકારી પીપળવા ગામે કોર્ટ મેરેજ બાદ છૂટાછેડાના મનદુ:ખમાં યુવક પર જીવલેણ હુમલો કરાયો

દામનગર, તા.૧૫

દામનગરના સરકારી પીપળવા ગામે રહેતા એક યુવકે ૯ મહિના પહેલા કોર્ટ મેરેજ કર્યા હતા અને દોઢ મહિના પહેલા છૂટાછેડા લીધા હતા. જેના મનદુ:ખમાં તેની પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સુરેશભાઈ વિનુભાઈ બગદરીયાએ જતિનભાઈ પ્રવીણભાઈ મકવાણા, મયુરભાઈ પ્રવીણભાઈ મકવાણા, સેજલબેન જતીનભાઈ મકવાણા તથા માયાબેન મયુરભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે નવેક મહિના પહેલા દામનગર ગામના પ્રવીણભાઈ મકવાણાની દિકરી શ્રધ્ધાબેન સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. દોઢેક મહિના પહેલા છૂટાછેડા લઈ લીધા હતા. આ બાબતનું મનદુ:ખ રાખી તેઓ પોતાનું મોટર સાયકલ લઈ સરકારી પીપળવા ગામે જઈ રહ્યા હતા ત્યારે આરોપીએ તેમને અમારી બહેન શ્રધ્ધા તમારા ઘરે આવી છે તેમ કહ્યું હતું. જેથી તેમણે નહીં આવેલ હોવાનું કહેતા દામનગર પોલીસ સ્ટેશન જવાનું છે તેમ કહી લઈ ગયા હતા. દામનગર મેઈન બજારમાં શ્રધ્ધાબેન તેની મોટર સાયકલ ઉપર બેસવા આવતા ઉશ્કેરાઈને ઢીકાપાટુથી મોઢા ઉપર તથા કપાળ ઉપર માર માર્યો હતો. તેમજ સાવરણીથી આડેધડ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં ફોટોગ્રાફરને ગાળો આપી બોથડ પદાર્થ માર્યો

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રહેતા એક ફોટોગ્રાફરને ગાળો આપી બોથડ પદાર્થ મારવામાં આવ્યો હતો. બનાવ અંગે ફોટોગ્રાફીનો ધંધો કરતા ધ્રુવભાઈ રસિકભાઈ લેઉવા (ઉ.વ.૫૦)એ પાર્થભાઈ વિજયભાઈ સેજુ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેની દુકાનમાં એકાદ વર્ષ પહેલાં ઝેરોક્ષની કામગીરી ચાલુ કરી હતી. તેમની એક દુકાન મૂકીને શ્રીજી ઝેરોક્ષ નામની દુકાન હોય અને તેમણે ઝેરોક્ષ કરવાનું ચાલુ કરતાં આરોપીને સારૂ નહોતું લાગ્યું. આરોપીએ જુની વાતનું મનદુ:ખ રાખી, ગાળો આપી, બોથડ પદાર્થ વડે ઈજા પહોંચાડી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીના ટીંબલા ગામે વહુએ સાસુને ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૧૫

અમરેલીના ટીંબલા ગામે રહેતા પ્રભાબેન પરસોત્તમભાઈ કુરાણીયા (ઉ.વ.૬૦)એ જયસુખભાઈ પરસોત્તમભાઈ કુરાણીયા, રીટાબેન જયસુખભાઈ કુરાણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા દીકરાના છોકરાઓ તોફાન કરતા હતા. જેથી પુત્ર-પુત્રવધૂ ડારો આપી માર મારવા લાગતા તેમ કરવાની ના પાડતા બંનેએ એકદમ ઉશ્કેરાઈને તેમને ઢીકાપાટુ વડે મુંઢમાર માર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

### અવસાન નોંધ

**ચાડિયા**

સ્વ. કડવાભાઈ મોહનભાઈ ભંડેરીનું દુ:ખદ અવસાન થયેલ છે. તે હસમુખભાઈ કડવાભાઈ ભંડેરીના પિતાશ્રી થાય છે. તેમનું બેસણું તા.૧૬/૧૨/૨૪ને સોમવારના રોજ ચાડિયા મુકામે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ. ભારતીબેન રત્નેશ્વર (ઉ.વ.૭૦)નું તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ વડોદરા ખાતે દુ:ખદ અવસાન થયેલ છે. તે રમેશભાઈ રત્નેશ્વરના પત્ની, ગુંજન મહેતા, નમ્રતા અંબાણી, પુજા ભાવસારના માતૃશ્રી અને હરેશભાઈ, હેમંતભાઈ અને રશ્મિનભાઈ, નિતિનભાઈના ભાભી, તુષારભાઈના કાકી થાય છે. તેમની સદગતની પ્રાર્થનાસભા તા.૧૬ના રોજ સાંજે ૪ થી ૫, માસ્તર સોસાયટી, શેરીનં.૯, ૮૦ ફુટ રોડ પાછળ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, રાજકોટ ખાતે રાખેલ છે.


પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

ઉત્સવ મીની મીલનું ફક્ત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલી શહેરમાં બહેરા-મુંગા શાળાના બાળકોની મૌન રેલી યોજાઈ

**વિવિધ વેપારી એસોસિએશન દ્વારા નાસ્તાની કિટનું વિતરણ કરાયું**

અમરેલી,તા.૧૫

અમરેલીમાં મૂક-બધીર સેવા ટ્રસ્ટ સંચાલિત સ્કૂલના ૨૫માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે બહેરા મુંગા શાળાના બાળકોની આજે મૌન રેલી યોજાઈ હતી. અમરેલી શહેરમાં નાગનાથ મંદિરથી હવેલી ચોક, ટાવર ચોકથી મેઈન બજાર, ઈન્દિરા શોપીંગ સેન્ટર પાસે આવી હતી. આ રેલીમાં ૭૫ જેટલા બાળકો જોડાયા હતા. આ તકે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, કરીયાણા એસોસિએશન અને ઈન્દિરા શોપીંગ સેન્ટરના હોદ્દેદારો દ્વારા બાળકોને નાસ્તાની એક કિટ આપવામાં આવેલ, જેમાં ચીકી, મમરાના લાડુ, ખજુર, મસાલા મમરા, બિસ્કીટ આપવામાં આવેલ. મોટા બસ સ્ટેન્ડ એસોસિએશનના પ્રમુખ દિનેશભાઈ ભુવા દ્વારા તેમની દુકાન પાસે બાળકોનું સ્વાગત કરી આઈસ્ક્રીમ આપવામાં આવેલ, જેમાં ડિસ્ટ્રીકટ ચેમ્બરના હોદ્દેદારો પ્રમુખ ચતુરભાઈ અકબરી, મુકુંદભાઈ ગઢીયા, યોગેશભાઈ કોટેચા, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, દિનેશભાઈ ભુવા, યોગેશભાઈ ગણાત્રા, બાબુભાઈ કાબરીયા, જીલુભાઈ વાળા હાજર રહેલ. અનીલભાઈ કાણકીયા તથા મૂક-બધીર શાળાના સંચાલક રઘુભાઈ તથા શિક્ષકોએ બાળકોની સાથે રહીને રેલીનું સુંદર આયોજન કરેલ.

# બગસરાની સિવિલ હોસ્પિટલમાં દાંતના એકમાત્ર ડોક્ટરને બીજી કામગીરી સોંપાતા દર્દીઓમાં રોષ

**સિવિલના દાંતના ડોક્ટરને દર્દીઓની સારવારને બદલે અમૃત કાર્ડ કાઢવા અમરેલી મોકલાયા**

બગસરા, તા.૧૫

બગસરા પંથકના આર્થિક રીતે પછાત વર્ગના લોકો બહાર દાંતની સારવાર ખુબ જ મોંઘી હોવાથી સિવિલ હોસ્પિટલમાં આવતા હોય છે. અહીં સિવિલમાં દાંતના ડોક્ટર નિયમિત ઉપલબ્ધ ન હોવાથી નાછૂટકે ઉછીના નાણા લઈને ખાનગી ડોક્ટર પાસે જવા મજબૂર થવું પડે છે. અહીં દાંતના ડોક્ટર હોવા છતાં તેમને મા કાર્ડ અને અમૃત કાર્ડ કાઢવાની કામગીરી કરવા માટે અમરેલી ખાતે મુકવામાં આવેલ છે. આવી સ્થિતિમાં લોકો દ્વારા અનેક વખત રજૂઆત કરવા છતાં દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. જો તંત્ર દ્વારા કાર્ડ માટેની આ કામગીરીમાં ડોક્ટરના બદલે કોમ્પ્યુટરના અન્ય જાણકાર કોઈ વ્યક્તિને મુકવામાં આવે તો અહીંયા દર્દીઓને ડોક્ટર નિયમિત મળી શકે તેમ છે. આથી તત્કાલ અહીંયા ડોક્ટરને ફરી કાયમી સેવા આપવા મુકવામાં આવે તેવી માંગ ઉઠી છે.



તસવીર : હાર્દિક બામટા

# અમરેલી જિલ્લામાં બે દિવસમાં સાત સિંહોને ટ્રેન અડફેટે આવતા બચાવી લેવાયા

અમરેલી, તા.૧૫


પ્રતિકાત્મક તસવીર

અમરેલી જિલ્લામાં સિંહો છાશવારે રેલવે ટ્રેક પર આવી જતાં હોવાની ઘટના અવારનવાર બનતી હોય છે. ત્યારે ગઈકાલે જ રેલવે લોકો પાયલોટ દ્વારા ચાર સિંહોને બચાવી લેવાયા હતા. ત્યારે આજે ચલાલા ધારી વચ્ચે એક સિંહણ બે બચ્ચા સાથે રેલવે ટ્રેક ક્રોસ કરતી જોવા મળતા લોકો પાયલોટ દ્વારા ઈમરજન્સી બ્રેક લગાવી દેવાઈ હતી. થોડા સમય બાદ સિંહ પરિવાર રેલવે ટ્રેક પરથી દૂર થયા બાદ પુનઃ ટ્રેન આગળ તરફ લઈ જવામાં આવી હતી.

# ધારીના દલખાણીયા ગામે કાર ચાલકે ટક્કર મારતાં દંપતી ખંડિત થયું

**જિલ્લામાં અકસ્માતના વધુ બે બનાવ**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં અકસ્માતના વધુ બે બનાવ નોંધાયા હતા. દલખાણીયા ગામે રહેતા રસીકભાઈ ભાયભાઈ કુંભાણી (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમના કાકા દીલીપભાઈ વશરામભાઈ કુંભાણી તથા તેમના પત્ની પ્રભાબેન પોતાના ઘરેથી મોટર સાયકલ લઈ દલખાણીયાથી આગળ ધારી તરફ કાપેલ ધાર પાસે પહોચતા પાછળથી આવેલી ફોરવ્હીલના ચાલકે સાઈડ કાપતા તેમના કાકાની મોટર સાયકલના હેન્ડલ સાથે ભટકાઈ હતી. જેથી સંતુલન ગુમાવતાં તેમના કાકાને શરીરે નાની મોટી ઈજા તથા ખંભાના ભાગે ફ્રેક્ચર થયું હતું. તેમજ તેમના કાકીનું મોત નિપજાવી ચાલક ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.બી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના ચરખા ગામે આંબલીધાર હાઈવે પર મોટર સાયકલ વૃક્ષ સાથે અથડાતાં મધ્યપ્રદેશના જોબટ તાલુકાના પુરુષનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ટીંબી હોસ્પિટલ ખાતે ક્રાંતિકારી માર્ગીયસ્મિતજી સહિતનાઓનું સ્વાગત

દામનગર,તા.૧૫


તસવીર : વિનોદ જયપાલ

ઉમરાળાના ટીંબી માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં ક્રાંતિકારી માર્ગીયસ્મિતજી, યૂમા ટેલિવિઝનના સંજયભાઈ ભટ્ટ, પ્રોડ્યુસર ડાયરેકટર નિલેશભાઈ પાઠક, વડોદરા અખબારી તંત્રી સામાજિક અગ્રણી દેવચંદભાઈ નાવડીયા, સુરત સહિતના મહાનુભવોનું આગમન થતા જ ઉષ્માભર્યું સ્વાગત કરવા હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરા, રસિકભાઈ ભીંગરાડીયા, પરેશભાઈ ડોડીયા, લવજીભાઈ નાકરાણી સહિતના હાજર રહ્યાં હતા.

# GHCL ફાઉન્ડેશન દ્વારા પગડીયા માછીમાર પરિવારોને સાધન સહાય આપવામાં આવી

રાજુલા,તા.૧૫



જીએચસીએલ ફાઉન્ડેશને અમલમાં મૂકેલા માછીમારી આજીવિકા વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૫૨ પગડીયા માછીમાર પરિવારોને માછીમારી માટે જરૂરી સાધનો જેવા કે ફિશિંગ નેટ, આઈસ બોક્ષ, પ્લાસ્ટિક ક્રેટ અને દોરી વિતરણ કર્યા છે. આ કાર્યક્રમમાં જીએચસીએલ લિમિટેડના સિનિયર જનરલ મેનેજર આરીફભાઈ માજોઠી, સી.એસ.આર વિભાગના સિનિયર ઓફિસર ડૉ. રવિ સોલંકી અને હનીફ કાળવાતર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભાવસિંહ વંશ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજુલાના રામપરા-૨ ગામે યુવકને સામો મળીશ તો ગાડી ચડાવી દઈશ કહી ધમકી આપી

રાજુલા, તા.૧૫

રાજુલાના રામપરા-૨ ગામે રહેતા એક યુવકને સામો મળીશ તો ગાડી માથે ચડાવી દઈશ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે વાજસુરભાઈ ટપુભાઈ વાઘ (ઉ.વ.૩૨)એ દુલાભાઈ શાર્દુળભાઈ વાઘ, જંડુરભાઈ રામભાઈ વાઘ તથા ભોળાભાઈ બાવભાઈ વાઘ, નકાભાઈ સામતભાઈ વાઘ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને જંડુરભાઈ વાઘના પિતા સાથે બે મહિના પહેલા મારામારી થઈ હતી. તેનું મનદુઃખ રાખી આરોપીએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એકસંપ કરી ગુનાહીત કાવતરૂ રચી આડેધડ માર માર્યો હતો. તેમજ તેમને ઢીકાપાટુનો મુંઢમાર મારીને પાછો મળીશ તો ગાડી માથે ચડાવી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.એચ. છત્રોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ કલા ઉત્સવમાં પ્રથમ ક્રમ મેળવ્યો

સાવરકુંડલા,તા.૧૫



સાવરકુંડલાની શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની શ્રેયા પંડયાએ 'ગરવી ગુજરાત' થીમ આધારિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. તા. ૨-૧૨-૨૪ ના રોજ યોજાયેલ આ કલા ઉત્સવમાં શ્રેયાએ પોતાની કલાત્મક પ્રતિભાનું પ્રદર્શન કરીને ન્યાયાધીશોનું દિલ જીતી લીધું હતું. તેની આ સિદ્ધિ માટે શાળા પરિવાર અને નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ શ્રેયાને અભિનંદન પાઠવ્યા છે. શ્રેયાને આ સફળતા મળવા પાછળ પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી અને શિક્ષક લાલજીભાઈ રાઠોડના માર્ગદર્શનનો મહત્વનો ફાળો રહ્યો છે. તેમણે શ્રેયાને સતત પ્રોત્સાહન આપીને તેની પ્રતિભાને નિખારવામાં મદદ કરી હતી. શ્રેયા હવે આગામી ૧૭-૧૨-૨૪ ના રોજ જૂનાગઢ ખાતે યોજાનાર ઝોન કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૧૬-૧૨-૨૦૨૩, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૭,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૧૨-૨૦૨૩ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ: આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.

મિથુન: આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.

કર્ક: આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.

કન્યા: આજનો દિવસ લાભકારક રહેશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં.

તુલા: આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.

વૃશ્ચિક: નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.

ધન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર: આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.

કુંભ: આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.










## જાહેરનોટિસ

આથી અમારા અસીલ શ્રી (૧) પ્રવિણભાઈ રાણાભાઈ ગુણા , રહેવાસી : ૨૨, સત્તાધારકૃપા સોસાયટી, ક્ષમા સોસાયટી પાસે,ધરમનગર રોડ, સુરત, (૨) ઘનશ્યામભાઈ ગોરધનભાઈ ગુણા રહેવાસી : ૨૨, સત્તાધારકૃપા સોસાયટી, ક્ષમા સોસાયટી પાસે, ધરમનગર રોડ, સુરત ની સુચનાથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે...

જત ડીસ્ટ્રીકટ અમરેલીના તાલુકો : કુકાવાવ-વડીયાના મોજે ગામ : જંગરની વડીલો પાર્જીત જુના ગામતળમાં આવેલ વાડો આશરે ૪૦૦ ચોરસવાર જે ધીરૂભાઈ ગુણા ની આથમણી બાજુ, ભીખાભાઈ મોવલીયા ની ઉગમણી બાજુ તેમજ ભગવાનભાઈ હરજીભાઈ ના પ્લોટની પાછળનો પ્લોટ અમારા અસીલે પોતાની સંયુકત માલીકી, કબજા-ભોગવટાની બોજા રહિતની આવેલ હોવાનું જણાવી તો મજકુર પ્લોટમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક-હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ, રાઈટ્સકે ભરણ પોષણના હકકો,કબજા હકકો આવેલ હોયતો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી.એ.ડી.થી નીચેના સરનામે કરવી. જો મુદત માં જાણ કરવામાં નહીં આવેતો કોઈના ઉપર મુજબના હકકો આવેલ નથી અને આવેલ હોયતો તે તમામ રાજીખુશીથી જતા કરેલ છે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તારીખ : ૦૯/૧૦/૨૦૨૪, અમદાવાદ.

**સાગરએચ. પટેલ**
બી.કોમ, એલએલ. બી., એલએલ. એમ(એડવોકેટ)
મોબાઈલ : ૯૫૭૪૩ ૪૫૧૦૮
ઓફીસ : એ-૫૦૭, રોજવીલસ્કાય,કલ્યાણ ચોક પાસે,નિકોલ-નરોડારોડ,અમદાવાદ.

**તંત્રી લેખ**

# પેપર લીક કૌભાંડ રાષ્ટ્રની શિક્ષણ સિસ્ટમનું કલંક

પેપર લીક કૌભાંડ આપણા દેશની શિક્ષણ પદ્ધતિનું સૌ થી મોટું કૌભાંડ છે. બીજા શબ્દમાં કહીએ તો આ વિકસિત રાષ્ટ્રની પ્રગતિશીલ શિક્ષણ પદ્ધતિમાં એક સ્પીડ બ્રેકર છે. આમ છતાં શિક્ષણ પદ્ધતિમાં સૌથી મોટું કોઈ દુષણ હોય તો તે પેપર લીકનું છે. આજે એજ્યુકેશન એક બિઝનેસ બની ગયો છે ત્યારે શિક્ષણ ક્ષેત્રની આ સૌથી મોટી ખામી દૂર કરવા માટે પ્રયાસો થવા જોઈએ.

ભારત દેશના અલગ અલગ રાજ્યોમાં છેલ્લા પાંચ વર્ષમાં લેવામાં આવેલી ભરતી પરીક્ષાઓમાં પેપર લીક થવાની ૪૧ ઘટનાઓ બની હતી. તેમાં જાણવા મળ્યું હતું કે એક લાખ જગ્યાઓ માટે પરીક્ષા આપનાર લગભગ ૧.૪૦ કરોડ અરજદારોનું શેડ્યુલ પેપર લીકને કારણે ખોરવાઈ ગયું હતું. તે સમયે ધ્યાન આપવામાં આવ્યું હોત તો કદાચ નીટની પરીક્ષામાં અત્યારે થયેલી ગેરરીતિ ન થઈ હોત. ભારતની પરીક્ષા વ્યવસ્થા લાંબા સમયથી અસ્તવ્યસ્ત છે. છેતરપિંડી અને પેપર લીકની સમસ્યાઓ લાંબા સમયથી યથાવત રહી છે, પરંતુ હવે સરકારી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા સંચાલિત નીટની મુખ્ય પરીક્ષામાં ચેડાં કરવામાં આવ્યા છે. આ પરીક્ષામાં પેપર લીક અને માર્ક્સમાં ગોબાચારીને કારણે ૩૫ લાખ ઉમેદવારોના ભાવિ પર પ્રશ્નાર્થચિહ્ન લાગી ગયું છે. સરકાર દ્વારા લેવામાં આવતી અન્ય ત્રણ પબ્લિક એક્ઝામ્સ કાં તો રદ કરવામાં આવી હતી અથવા તો મુલતવી રાખવામાં આવી હતી. તેની ૧૩ લાખ વિદ્યાર્થીઓને અસર થઈ હતી. પરિસ્થિતિ વણસી ગઈ છે. શિક્ષકો, દલાલો અને એક્ઝામ સેન્ટર્સના સંચાલકો વચ્ચે માફિયાટોળી જેવી સાઠગાંઠ છે. તેના લીધે આવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. દલાલો સામાન્ય રીતે ઉમેદવારોનો સંપર્ક કરે છે, પ્રશ્નપત્રના બદલામાં પૈસાની માગણી કરે છે, કેટલીક વાર પોસ્ટ-ડેટેડ ચેક પણ સ્વીકારે છે. તેઓ લેખિત પરીક્ષાનું પેપર ઉમેદવારોને અગાઉથી લીક કરી દે છે અને સોલ્વ કરેલું પેપર પણ ઉમેદવારોને આપે છે. ઑનલાઈન એક્ઝામ દરમિયાન આવા દલાલો પરીક્ષાર્થીની ડિજિટલ ઓળખ મેળવે છે અને પરીક્ષાકેન્દ્રથી દૂર કોઈ સ્થળે કમ્પ્યુટર દ્વારા તેમના વતી બધા સવાલોના જવાબ આપે છે. રાજ્યોની પરીક્ષાઓમાં સ્થિતિ વધુ ખરાબ છે. તંત્રમાં મોટા ભાગે કોન્ટ્રાક્ટ આધારિત, અસલામત અને ઓછા પગારવાળી નોકરીઓ હોય છે. એવી નોકરી મેળવવા માટે તીવ્ર સ્પર્ધા હોય છે ત્યારે વિવિધ સ્થાનિક ભરતી પરીક્ષાઓ માટેનાં પ્રશ્નપત્રો વારંવાર લીક થાય છે. ગુજરાતમાં એક ડઝનથી પણ વધુ પરીક્ષાના પેપર લીક થઈ ચુક્યા છે. ભૂતકાળમાં પેપર લીકની માઠી અસર પોલીસકર્મીઓ, ફોરેસ્ટર્સ, એન્જિનિયર્સ, પશુચિકિત્સકો અને આવકવેરા ઈન્સ્પેક્ટર્સની એક્ઝામ્સ પર થઈ છે. વોટ્સઍપ મારફત પેપર્સ લીક થયાં છે અને સ્ટોર રૂમ્સમાંથી પેપરની ચોરી કરવામાં આવી છે. પરીક્ષાઓનું સંચાલન કરતી ખાનગી કંપનીઓના સર્વર શંકાસ્પદ લોકોએ હેક કર્યા છે. સ્થિતિ એટલી ખરાબ છે કે ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગણા જેવાં રાજ્યોમાં તાજેતરની ચૂંટણીમાં આ બાબત એક સળગતો મુદ્દો બની હતી. મોટા ભાગનાં રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. આવી છેતરપિંડીને પ્રોત્સાહન આપતી શિક્ષણપ્રણાલી આપણે જ બનાવી છે. બેઠકોની સંખ્યા અને વિદ્યાર્થીઓની માગ વચ્ચે જંગી તફાવત છે અને મોંઘું ઉચ્ચ શિક્ષણ પોસાવા વિશેની ચિંતા પણ છે. આ વર્ષે મેડિકલ કોલેજની માત્ર ૧.૧૦ લાખ બેઠકો માટે ૨૪ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તે સૂચવે છે કે વિદ્યાર્થી પર કેટલું દબાણ હોય છે અને સ્પર્ધા કેટલી ઉગ્ર હોય છે. એ પૈકીની લગભગ ૫૫,૦૦૦થી ૬૦,૦૦૦ બેઠકો સરકારી કોલેજમાં છે, બાકીની ખાનગી સંસ્થાઓમાં છે. વળી એ પૈકીની અડધી બેઠકો વંચિત વિદ્યાર્થીઓ માટે અનામત હોય છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

## સાદુ વ્યાજ

ઉદાહરણ-૭ : શ્રેયસ એક રકમ 2 વર્ષ માટે સાદા વ્યાજે મુકે છે. જો તે રકમ 3% વધુ વ્યાજે મૂકે તો રૂ. 300 વધુ વ્યાજ મળે. તો મૂળ રકમ શોધો.

ઉકેલ : જો શ્રેયસ 3% વધુ વ્યાજે મૂકે તો રૂ. 300 વધુ વ્યાજ મળે છે. એટલે કે 3% લેખે 2 વર્ષનું વ્યાજ રૂ. 300 થયું.

હવે, P = ?, R=3%, N=2 વર્ષ, I= રૂ. 300

$$P = \frac{I \times 100}{RN} = \frac{300 \times 100}{3 \times 2} = \text{રૂ. } 5000$$

ઉદાહરણ-૮ : અમુક રકમનું અમુક ટકાએ સાદુ વ્યાજ મૂળ રકમના 9/16 ગણુ છે. જો વ્યાજનો દર અને વર્ષની સંખ્યા સમાન હોય, તો વ્યાજનો દર શોધો.

ઉકેલ : ધારોકે રકમ રૂ. X છે.

અહીં વ્યાજનો દર અને વર્ષની સંખ્યા સમાન છે. એટલે કે R=N છે.

સાદુ વ્યાજ મૂળ રકમના $\frac{9}{16}$ ગણું છે.

તેથી સાદુ વ્યાજ $I = X \times \frac{9}{16} = \frac{9X}{16}$

હવે, $R = \frac{I \times 100}{PN} = \frac{9X}{16} \times \frac{100}{X \times R}$

તેથી $R = \frac{9 \times 100}{16 \times R}$

તેથી $R^2 = \frac{9 \times 100}{16}$

તેથી $R = \sqrt{\frac{9 \times 100}{16}} = \frac{3 \times 10}{4} = \frac{30}{4} = 7.5\ \%$

નોંધ : ઉદાહરણ 6, 7 અને 8 પ્રકારના દાખલા સ્પર્ધાત્મક પરીક્ષામાં વારંવાર પૂછાયેલા છે.

હવે, નીચેના પ્રશ્નોનાં જવાબ સ્વપ્રયત્ને મેળવો.

તેમના જવાબો આવતા અંકમાં આપીશું.

● નીચે આપેલા બહુવિકલ્પી પ્રશ્નોમાં સાચો વિકલ્પ પસંદ કરો.

1. રૂ. 6000નું વાર્ષિક 6%નાં દરે 8 માસનું વ્યાજ કેટલું થશે ?
(A) રૂ. 216 (B) રૂ. 360 (C) રૂ. 220 (D) રૂ. 240

2. રૂ. 2500નું વાર્ષિક 5% ના દરે 219 દિવસનું સાદુ વ્યાજ કેટલું થશે ?
(A) રૂ. 80 (B) રૂ. 90 (C) રૂ. 75 (D) રૂ. 50

3. કેટલા સમયમાં વાર્ષિક 11%નાં દરે રૂ. 2000ની રાશ રૂ. 2330 થશે ?
(A) $3/2$ વર્ષ (B) $2/3$ વર્ષ (C) 3 વર્ષ (A) 2 વર્ષ

4. કોઈ એક રકમનું સાદા વ્યાજે 4 વર્ષનું વ્યાજમુદલ તે રકમના $7/5$ ભાગ જેટલું થાય છે. તો વ્યાજનો દર શોધો.
(A) 8 % (B) 10 % (C) 35 % (D) 10.5 %

5. કોઈ ચોક્કસ રકમ સાદા વ્યાજે 2 વર્ષમાં રૂ. 2240 થાય છે. અને 5 વર્ષમાં રૂ. 2600 થાય છે. તો તે રકમ કેટલી હશે ?
(A) રૂ. 1880 (B) રૂ. 2000 (C) રૂ. 2120 (D) રૂ. 1600

6. કોઈ રકમ 12% લેખે સાદા વ્યાજે કેટલા સમયમાં બમણી થશે ?
(A) 8 વર્ષ (B) 8 વર્ષ 3 માસ (C) 8 વર્ષ 4 માસ (A) 8 વર્ષ 1 માસ

## ચક્રવૃધ્ધિ વ્યાજ

સમજો અને યાદ રાખો

● કોઈપણ રકમનું પ્રથમ વર્ષનું વ્યાજ મેળવી તે વ્યાજ મુદલમાં ઉમેરી તે પછીના વર્ષે તેને મુદલ તરીકે લઈ વ્યાજની ગણતરી કરતાં મળતું વ્યાજ એ ચક્રવૃધ્ધિ વ્યાજ છે. અર્થાત પ્રથમ વર્ષના વ્યાજ મુદલને બીજા વર્ષ માટે મુદલ તરીકે લઈ વ્યાજની ગણતરી કરતાં મળતું વ્યાજ એ ચક્રવૃધ્ધિ વ્યાજ છે. ચક્રવૃધ્ધિ વ્યાજ માટેનો સંકેત સામાન્ય રીતે CI લેવામાં આવે છે. જે બહુ પ્રચલિત નથી.

● ચક્રવૃધ્ધિ વ્યાજ એટલે વ્યાજનું પણ વ્યાજ

● પ્રથમ વર્ષનું સાદુ વ્યાજ અને ચક્રવૃધ્ધિ વ્યાજ સમાન હોય છે.

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો. ૯૪૨૭૫ ૦૫૧૦૭**

● જો વ્યાજની ગણતરી દર વર્ષે થતી હોય, તો ચક્રવૃધ્ધિ વ્યાજ શોધવાનું સૂત્ર નીચે પ્રમાણે છે.

$$A = P\left(1 + \frac{R}{100}\right)^N$$

જ્યાં P= મુદલ
R= વ્યાજનો દર
N= મુદત(વર્ષમાં)
A= વ્યાજમુદલ

ચક્રવૃધ્ધિ વ્યાજ= A - P

● જો વ્યાજની ગણતરી દર છ મહિને થતી હોય, તો ચક્રવૃધ્ધિ વ્યાજ શોધવાનું સૂત્ર નીચે પ્રમાણે છે.

$$A = P\left(1 + \frac{R}{200}\right)^{2N}$$

નોંધ : જો કોઈ ઉલ્લેખ કરેલો ન હોય, તો વ્યાજની ગણતરી દર વર્ષ પ્રમાણે કરવી.

ઉદાહરણ-૧ : રૂા.1300 નું 6% લેખે 2 વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ શોધો.

ઉકેલ : પ્રથમ રીત : સૌપ્રથમ 1 વર્ષનું વ્યાજ મેળવીએ

$$I = \frac{PRN}{100} = \frac{1300 \times 6 \times 1}{100} = \text{રૂા. } 78$$

બીજા વર્ષનાં વ્યાજની ગણતરી કરવા માટે પ્રથમ વર્ષનું વ્યાજ મુદલમાં ઉમેરાશે.

તેથી બીજા વર્ષનું મુદલ = 1300 + 78 = રૂા. 1378

હવે, બીજા વર્ષનું વ્યાજ મેળવીએ

$$I = \frac{1378 \times 6 \times 1}{100} = \frac{8268}{100} = \text{રૂા. } 82.68$$

પ્રથમ વર્ષનું વ્યાજ રૂા. 78
બીજા વર્ષનું વ્યાજ રૂા. 82.68
રૂા. 160.68



તેથી 2 વર્ષનું ચક્રવૃધ્ધિ વ્યાજ રૂા. 160.68 થશે.

બીજી રીત : સૂત્રનો ઉપયોગ કરીએ

$$A = P\left(1 + \frac{R}{100}\right)^N$$

$$\text{તેથી } A = 1300\left(1 + \frac{6}{100}\right)^2$$

$$= 1300 \times \left(\frac{106}{100}\right)^2$$

$$= 1300 \times \frac{106}{100} \times \frac{106}{100} = \frac{146068}{100} = \text{રૂા. } 1460.68$$

ચક્રવૃધ્ધિ વ્યાજ = A - P

= 1460.68 - 1300 = રૂા. 160.68

ઉદાહરણ-૨ : રૂા. 10,000નાં 12% લેખે 1 વર્ષનાં ચક્રવૃધ્ધિ વ્યાજે રાશ શું થાય ? (વ્યાજ દર છ મહિને ઉમેરવામાં આવે છે.)

ઉકેલ : પ્રથમ રીત : રૂા. 10,000 નું 12% લેખે 6 માસનું સાદું વ્યાજ મેળવીએ,

$$I = \frac{PRN}{100} = \frac{10{,}000 \times 12 \times 6}{100 \times 12} = \text{રૂા. } 600$$

પ્રથમ છ માસનું વ્યાજ રૂા. 600, પછીનાં છ માસ માટે મુદલમાં ઉમેરાશે. જે પછીનાં છ માસ માટે મુદલ બનશે.

પછીના છ માસ માટેની મુદલ P = રૂા. 10000 + રૂા. 600 = રૂા.10,600

$$\text{પછીનાં છ માસનું વ્યાજ } I = \frac{10{,}600 \times 12 \times 6}{100 \times 12} = \text{રૂા. } 636$$

પ્રથમ છ માસનું વ્યાજ = રૂા.600
પછીના છ માસનું વ્યાજ = રૂા.636
તેથી 1 વર્ષનું કુલ ચક્રવૃધ્ધિ વ્યાજ = રૂા. 1236
વ્યાજમુદલ અથવા રાશ = રૂા.10,000 + રૂા. 1236 = રૂા. 11,236

બીજી રીત : સૂત્રનો ઉપયોગ કરીએ.

વ્યાજ દર છ મહિને ઉમેરવામાં આવે છે.

$$A = P\left(1 + \frac{R}{200}\right)^{2N}$$

$$\text{તેથી } A = 10{,}000\left(1 + \frac{12}{200}\right)^{2 \times 1}$$

$$= 10{,}000 \times \left(\frac{106}{100}\right)^2$$

$$= 10{,}000 \times \frac{106}{100} \times \frac{106}{100} = \text{રૂા. } 11{,}236$$

**સાદા વ્યાજ પરના સ્વપ્રયત્ને પૂછેલા પ્રશ્નોના જવાબ**

1. (D) 2. (C) 3.(A) 4.(B) 5.(B) 6.(C)

# બસ ઇસ બાત કા સબર હૈ કિ ઉપર વાલે કો સબ કુછ ખબર હૈ !




જગતના ચોકમાં જ્યારે કોઈ સાચા માણસની સાચી ખોટી ચર્ચા થાય ત્યારે આવી દરેક વ્યક્તિ આગળ યોગ્ય ખુલાસા કરવા શક્ય નથી હોતા. મોઢે સારું સારું બોલનાર વ્યક્તિ પીઠ પાછળ નિંદા અને કૂથલી કરતી જાણવા મળે ત્યારે મનમાં એક જ વાક્યનું સ્મરણ થાય કે 'બસ ઈત બાત કા સબર હે કિ ઉપર વાલે કો સબ કુછ ખબર હે.' ક્યારે અને કોણે કેટલું ખોટું કર્યું છે, કોણે કોણે છેતરપિંડી કરી છે એ જાણવા છતાં નમ્ર, પ્રમાણિક અને જબાનના પાકા ઈન્સાનને બધી રીતે ઘણું સહન કરવું પડતું હોય છે. ખોટા અને ખબરી લોકો કોઈની કસોટીની મઝા લેતા હોય છે, જ્યારે સાચા અને હમદર્દ લોકો મુશ્કેલીમાં મદદ કરતા હોય છે. સંકટ સમયે ધનથી અમીર પણ મનથી ગરીબ લોકો કરતા ધનથી ગરીબ પણ મનથી અમીર લોકો વધુ ઉપયોગી થતાં હોય છે. બન્ને પ્રકારના લોકોમાં જમીન આસમાનનો ફરક જોવા મળે છે. એક માત્ર જાહેરમાં ખોટી વાતો કરીને તમને નીચા દેખાડવાનો પ્રયાસ કરતા હોય છે જ્યારે બીજો ખાનગીમાં પીઠ થાબડીને કાનમાં કહી જાય છે કે મુંજાતા નહિ અને અમે બેઠા છીએ. આવા લોકો જ ખરેખર કુદરતના દુત બનીને આવતા હોય છે. મોટેભાગે આપણે એવું સાંભળતા હોઈએ કે જમાનો ખરાબ થઈ ગયો છે. પેલા સારું હતું હવે બધા ખૂબ બદલી ગયા છે. પણ હકીકતમાં જુવો અને ઈતિહાસ તપાસો તો ખ્યાલ આવશે કે દરેક સમયકાળમાં દરેક પ્રકારના લોકો હતા, હજી આજના સમયમાં છે અને આવનારા સમયમાં રહેવાના. માનવ સ્વભાવની મૂળ લાક્ષણિક્તા મનુષ્યના ઉત્પત્તિ કાળથી ચાલી આવી છે. હા સમય સમય પર એના સ્વરૂપ બદલાતા આવ્યા છે. ચાલાક માણસ પોતાની ચાલાકીથી જગત જમાદાર બનીને સાચું ખોટું કરીને પોતાની હકૂમત ચલાવી જાણતા હોય છે. ગમે એટલું કુદરતે આપ્યું હોવા છતાં નાની નાની બાબતોની ખોટી ગણતરી કરીને કોઈની શેહ શરમ કે ઈજ્જતનો દુરૂપયોગ કરતા હોય છે એની સામે સામાન્ય સ્થિતિમાં જીવન ગુજારતા હોય અથવા તો સમયની થપાટમાં સામાન્ય સ્થિતિમાં મુકાઈ ગયેલ હોવા છતાં મનથી ક્યારેય ગરીબ બનતા નથી. માથું ભલે માથે ભટકાતું હોય પણ આવકારો આભ જેવડો હોવો જોઈએ. ગમે એવી પરિસ્થિતિ હોય પણ માણસને માણસ મળવા આવે ત્યારે મોઢામાંથી આવકારો ના નીકળે એવું બને જ નહિ. નમ્રતા અને ખાનદાનીની પણ એક અલગ ઓળખાણ હોય છે. ગમે તે પ્રકારે માત્ર ભેગુ કરવામાં મથતા માયાળુ માનવી અને થોડું હોય તોય કોઈના દુ:ખે દુ:ખી અને સુખે સુખી લોકો પણ માયાળુ ગણાય છે. શબ્દ એક છે પણ બંનેના અર્થપ્રયોગ જે તે વ્યક્તિના સ્વભાવ અને વર્તનની છાપ છોડી જાય છે. આખરે આપણે સૌ દુનિયાના રંગમંચના પાત્રો છીએ. કોણ કેવો કિરદાર ભજવી જાય છે એના પરથી આપણી છાપ ઊભી થતી હોય છે. કરોડો વર્ષોથી કેટલાય લોકો આ ધરતી પર જન્મ લઈને મૃત્યુ પામ્યા છે. કોઈ ગર્ભશ્રીમંતાઈ સાથે લઈને જન્મે છે એવું કહી શકાય પણ કોઈ સાથે લઈને સ્વર્ગે સિધાવ્યા હોય એવો દાખલો હજી સુધી કોઈએ જોયો નથી. હા સાથે આવે છે માત્ર આપણા કર્મો. સુખ દુ:ખ તો તડકી છાંયડી જેવા હોય છે. એમાંથી એકપણ કાયમી નથી. કાયમી હોય છે માત્ર સનાતન સત્ય. બાકી બધું મિથ્યા છે. ગમે એટલા શક્તિશાળી હોય તો પણ ક્યારેય કોઈના આંસુ લૂછી શકો તો તમારી સાર્થકતા ગણાય પણ કોઈની આંખોના આંસુના નિમિત્ત બન્યા તો જગત ભલે ના જાણે પણ ઉપરવાળો બધું જાણતો હોય છે. બાકી તો ગમે તેવી હસ્તી કેમ ના હોય કસ્તી ડૂબતા વાર નથી લાગતી. માટે જ સંતો કહી ગયા છે કે હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જી! એક વાત કાયમ યાદ રાખવા જેવી છે કે ખુદ દુ:ખ ભોગવનાર વ્યક્તિ આગળ જતા કદાચ સુખી થઈ શકે છે પણ બીજાને યેનકેન પ્રકારે ખોટી રીતે દુ:ખ આપનાર આગળ ઉપર ક્યારેય સુખી થઈ શકતો નથી. માણસાઈ દિલમાં હોય છે, હેસિયતમાં નહિ. ઉપરવાળો માત્ર કર્મ જ જુવે છે, વસિયત નહિ! તમે ગમે એટલા મોટા શતરંજના ખેલાડી હોય, પણ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ આખરે તમારો અંત બગાડે જ એમાં કોઈ મીનમેખ નથી. ખુદા કે ઘર દેર હે, અંધેર નહિ. જીવનમાં સ્વાર્થ પૂરો થઈ ગયા પછી અને શરીરમાંથી પ્રાણ ગયા પછી કોઈ કોઈની રાહ જોતું નથી. ઈશ્વર આપે છે ત્યારે સારું આપે છે, નથી આપતો ત્યારે વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ રાહ જોવડાવે છે ત્યારે સૌથી ઉત્તમ ફળ જ આપે છે. આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે પણ આચરણ તો પરમાત્માના ચરણ સુધી લઈ જાય છે. અને મનુષ્ય જીવનનું અંતિમ સત્ય પણ જીવનું શિવમાં મિલન છે.



મનન ચિંતન
ભરત બાવીશી

# ઓમ યુવતી મહિલા મંડળ-ખાખરા થકી રોજગારી





વાહ રે જીંદગી વાહ કોઈ રોજગારી માટે માંડવા નાખીને આંદોલન કરે, કોઈ ડિગ્રીના સર્ટી. લઈને બેરોજગારીના મહેણાં સહન કરે, કોઈ દોઢડાહ્યા ખોટા અધિકારીઓ બનીને પ્રજાની લૂંટ કરે, આવી સ્થિતી વચ્ચે દેશના પ્રધાનમંત્રી મહિલાઓને આર્થિક પગભર કરવા માટે અનેક યોજનાઓ બનાવીને અમલી કરાવી રહ્યા છે. ત્યારે આવી યોજનાઓનાં લાભ મેળવીને આજે અનેક સ્વ-સહાય જુથોની બહેનો આર્થિક રીતે પગભર બની રહી છે.

ગોહિલવાડની ધરતી ભાવનગર જિલ્લાનાં સ્વ-સહાય જુથોને તાલીમ આપીને મદદ કરતી સંસ્થા ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનનાં માધ્યમથી આજે અનેક સ્વ-સહાય જુથો રોજગારી આપવામાં આશાનું કિરણ બન્યા છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કલસાર ગામે ૨૦૧૮માં સ્વ-સહાય જુથની રચના કરવામાં આવી. ૧૦ બહેનોના આ ગૃપનું નામ ઓમ યુવતી મહિલા મંડળ રાખવામાં આવ્યું. શરૂઆતમાં દસેય બહેનો દ્વારા મહિનામાં એક વખત ભેગા બેસીને નાની બચતની શરૂઆત કરવામાં આવી ત્યારબાદ આ બહેનોને વિવિધ ખાખરા બનાવવાની તાલીમ આપવામાં આવી. ૫ બહેનોથી શરૂઆત કરી આજે ૩૫ બહેનોને પોતાના ગામમાં-પોતાના ઘેર બેઠા રોજગારી મળી રહી છે.

શરૂઆતમાં પાંચ ફલેવરનાં ખાખરાથી શરૂઆત કરવામાં આવી હતી. બહેનો સારી કવોલીટીના ઘઉંનું દરણુ(સાફ) કરીને જાતે દળીને પોતાના ખેતરમાં પકાવેલા મરી-મસાલાનો ઉપયોગ કરી ખાખરા બનાવે છે. લોકોને ખાખરાનો ટેસ્ટ અને કવોલેટી સારી લાગતા દિવસે-દિવસે માંગ વધતી રહી છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

આજે આ સ્વ-સહાય જુથની બહેનો ૧૩ પ્રકારના વિવિધ ફલેવરના ખાખરા બનાવે છે. વર્તમાન સમયમાં બાજરીના લોટમાંથી બનતા ખાખરાની સારી ડિમાન્ડ છે. આ બહેનો સાથે મળીને સંપ ત્યાં જંપ અને સાથે મળીને સહુની પ્રગતિ સહુ સુખીના નારા સાથે દર મહિને ૧૫૦૦ કિલોથી વધુ ખાખરા બનાવીને વેંચાણ કરે છે. દરરોજ એક મહિલા ૮ થી ૧૦ કિલો ખાખરા બનાવે છે. અને કિલો દીઠ મહેનતાણુ રૂા.૭૦ ચુકવવામાં આવે છે. આ પ્રમાણે એક બહેનને રૂા.૪૦૦ થી રૂા.૬૦૦ વચ્ચે રોજગારી મળી રહી છે. એક બહેનને મહિને રૂા.૮૦૦૦ થી ૧૧ હજાર વચ્ચે રોજગારી મળે છે.

ઓમ યુવતી મહિલા મંડળ દ્વારા બનાવવામાં આવતા ખાખરાનો કિલોનો વર્તમાનભાવ રૂા. ૨૭૫ થી ૩૦૦ સુધીનો છે. આ બહેનોને માર્કેટીંગ સપોર્ટ પિડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ મુંબઈના માધ્યમથી મળ્યો છે. ઉપરાંત અમદાવાદ, રાજકોટ, સુરત, મુંબઈ સુધી વેંચાણ કરવામાં આવે છે.

આ બહેનો સાથે મળીને રોજગારી તો મેળવી જ રહ્યા છે. ઉપરાંત તેઓની બચત અને બેન્કની મદદથી આજે આંતરીક ધિરાણ પણ કરી રહ્યા છે. કોઈ બહેનોને પરિવારમાં નાણાકિય જરૂરીયાત હોય તો બેન્કો પાસે લોન લેવા માટે નથી જવું પડતું. કયાંય ઘરવખરી, દર-દાગીના ઉપર લોન નથી લેવી પડતી. કોઈ શાહુકારો પાસે ઉંચા વ્યાજે લોન લેવાની જરૂરત ઉભી નથી થતી કારણ કે આજે આ બહેનો રૂા. બે લાખ સુધી આંતરીક ધિરાણ કરી રહ્યા છે. જેના હિસાબે ઘર-પરિવારને મોટો ટેકો મળે છે. સાચા અર્થમાં મહેનત કરી રોજગારી આપતા આવા સ્વ-સહાય જુથોની જરૂરીયાત છે. કારણ કે કાગળો ઉપરના અનેક સ્વ-સહાય જુથો સરકારની ગ્રાન્ટો ખાઈ ગયા છે ત્યારે ઓમ યુવતી મહિલા મંડળ એક નવી દિશા આપે છે. આ મહિલા મંડળનાં સુપરવાઈઝર તરીકે નિતાબેન છે. જેનો **સંપર્ક નં.૯૭૨૪૫ ૧૫૮૧૮** છે.

**-:: તિખારો ::-**

**જીવનમાં એક વાત યાદ રાખજો ઠોકર ખાધા પછી કે સંબંધોમાં ઉંડા ઉતરતા પહેલા સામાવાળાની ક્ષમતા માપી લેવી કારણ કે તમે પોતાના ગણશો પણ સામેવાળા તમને પોતાના ગણે છે ખરા ???**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

» ઘઉં:

- ઘઉંના ૧ કિલોગ્રામ બીજને ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમ દવાનો પટ આપી વાવેતર કરવું.
- ઘઉંમાં ૫૦ કિલોગ્રામ પોટાશ તેમજ ૨૫ કિલોગ્રામ જીંક સલ્ફેટ આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.
- મોડામાં મોડી વાવણી ૩૦ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર વચ્ચે કરવી.
- મધ્યમ કાળી ચુનાયુક્ત જમીન માટે ૬૫ કિલો યુરીયા પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે આપવું.
- વાવેતર વખતે ૧૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન, ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ અને ૬૦ કિ.ગ્રા. પોટાશ પ્રતિ હેક્ટર પ્રમાણે આપવું.





## નિંદામણ નિયંત્રણ માટેના ઉપાયો

» ઘઉંના પાકમાં હાથથી નિંદામણ નિયંત્રણ કરવું હિતાવહ છે. આમ છતાં મજૂરોની અછત હોય તો

ઉગતા પહેલા (પ્રિઈમરજન્સ)

» ૧. પેન્ડીમિથાલીન ૩૦ ઇસી દવા ૧૦ લિટર પાણીમાં ૬૦ મિ.લિ. પ્રમાણે ઓગળી વાવેતરના પિયત બાદ ૪૮ કલાકની અંદર છંટકાવ કરવો.

## ઉગાવા બાદ (પોસ્ટ ઈમરજન્સ)

» ૨. ઉભા પાકમાં વર્ણનાત્મક ઘાસ તથા પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો વાવેતર બાદ ૩૦ થી ૩૫ દિવસે મેટસલ્ફુરાન મિથાઈલ ૨૦ વે.પા. ૦.૪ ગ્રામ અથવા (ક્લોડીનાફોપ પ્રોપાઝીર્લ ૧૫ મેટસલ્સયુરાન મિથાઇલ ૧ વે.પા.) ૮ ગ્રામ અથવા (સલ્ફોસલ્ફૂરોન ૭૫ મેટસલ્ફ્યુરાન મીથાઇલ ૫ ડબલ્યુ.જી.) ૦.૮ ગ્રામ કોઇ પણ એક નિંદામણ નાશક દવા ૧૦ લિટર પાણીમાં ઓગળી છંટકાવ કરવો.

» કપાસ:

- મેગ્નેશીયમની ખામીને કારણે કપાસમાં લાલ પર્ણ દેખાય તો મેગ્નેશીયમ સલ્ફેટનું ૧ ટકાના દ્રાવણનો છંટકાવ ખામી દેખાય ત્યારે કરવો પછી બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો.

» તુવેર:

- ફૂલ અને શીંગોને નુકસાન કરતી જીવાતોનું નિયંત્રણ તુવેર અને અન્ય કઠોળ પાકોમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે નીચે પૈકીની કોઈપણ એક દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.
- કવીનાલફોસ ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૨ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીયામાઈડ ૨ મિ.લિ. અથવા કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા ઈમામેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ.
- બિનપિયત પાકમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકીરૂપ દવા હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો.

» સૂર્યમુખી: વાવેતર બાદ ૩૦ દિવસે ૬૫ કિ.ગ્રા. યુરીયા અથવા ૧૫૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ આપવું.

» જીરૂ:

- જીરૂમાં ટપક પદ્ધતિ અપનાવો તેમજ ૩૦-૧૫-૨૫ ના.- ફો.-પો./હે. આપો.
- બીજનો દર ૧૨ થી ૧૬ કિ.ગ્રા./હે. રાખવો અને વાવેતર વખતે ૪૩ કિ.ગ્રા. ડીએપી અને ૨૦ કિ.ગ્રા. યુરીયા આપવું.
- બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયામાં સુકવી ૧ કિલોગ્રામ બીજ દીઠ ૩ ગ્રામ થાયરામનો પટ આપવો.
- જીરૂમાં થ્રીપ્સના નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૬૦ ગ્રામ જીવાત દેખાય ત્યારે છંટકાવ કરવો.

» ધાણા:

- ગુજરાત ધાણા-૧ અથવા ૨ નું વાવેતર કરવું તેમજ લીલા ધાણા કે કોથમીર માટે શીતલ જાતનું વાવેતર કરવું.
- વાવેતર નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં કરવું અને બીજનો દર ૨૦ કિ.ગ્રા. પ્રતિ હેકટરે રાખવો.
- ધાણાના ફાડીયા કરી સૂર્યના તાપમાં તપાવી ૧૦ થી ૧૨ કલાક પાણીમાં પલાળી સુકવ્યા બાદ વાવતેર કરવું.

» ચણા :

- બીજું પિયત ૧૫ થી ૨૦ દિવસે અને ત્રીજુ પિયત ૩૫ થી ૪૦ દિવસે ફુલ બેસે ત્યારે આપવું.



- લીલી ઈયળ તથા શીંગ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે પોલીટ્રીન ૪૦% ઇસી ૧૫ મિ.લિ. અથવા એસીફેટ ૭૫% ઇસી ૧૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

» મગ : રવિ ઋતુના બિન પિયત કાળા મગ જીબી એમ-૧ નું વાવેતર કરવા નવસારી કૃષિ યુનિવર્સીટી- તણછાનો સંપર્ક કરો.

» બટાકા:

- બટાકાનું વાવેતર ૧૫ નવેમ્બર આજુબાજુ કુફ્રી બાદશાહ, કુફ્રી પુખરાજ અથવા કુફ્રી લૌકરનું વાવેતર કરવું.
- વાવતા પહેલા ૧ કિલો મેન્કોઝોલ અને ૫ કિલો શંખજીરૂનું મિશ્રણ બનાવી કાપેલા ભાગ ઉપર ભભરાવી વાવેતર કરવું.
- બટાટાનું વાવેતર નવેમ્બર માસના બીજા અઠવાડિયાથી ચોથા અઠવાડિયા સુધીમાં કરવું.

» રતાળુ : રતાળુની જાત એન. જી.વાય ૭નું વાવેતર કરવું તે કાલવ્રણ રોગ અને સામે મધ્યમ રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે.



» પાપડી : દક્ષિણ ગુજરાતનાં ખેડૂત માટે પાપડી જી.એન.આઈ. બી.-૨૨ નું વાવેતર કરવું. બીજને રાઈઝોબીયમનો પટ આપીને વાવેતર કરવું.

» લીંબુ:- લીંબુનું પાન કોરીયું અને કાળી માખીનું નિયંત્રણ માટે ઈમીડાક્લોરાપ્રાઈડ ૪ મિ.લિ./ ૧૦ લિ. પાણીમાં નાખી બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરો.

» કેળ :

- કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.

» નાળીયેરી :

- ગેંડા કિટકના નિયંત્રણ માટે કાણા સાફ કરી ૨% મિથાઈલ પેરાથીઓન ભૂકી અને ઝીણી રેતી સરખા ભાગે મિક્સ કરી કાણામાં મૂકી કાણું માટીથી બંધ કરવું.

» જામફળ : ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લિટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મિ.લિ. અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

» દાડમ : દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી ચોખ્ખો નફો મળે છે.

» દુધી : મધ્ય ગુજરાતના ખેડૂતો માટે ગુજરાત આણંદ સંકર દુધી-૧ (જીએબીજીએચ-૧) નું વાવેતર કરવું.

» ટમેટા: મધ્ય ગુજરાતના ખેડૂતોને ગુજરાત આણંદ ટમેટા-૫(જીએટી-૫)નું વાવેતર કરવું.

- ૬૦ ટકા છાપાવાળા સફેદ નેટ હાઉસમાં ટમેટાની અનિયંત્રીત વૃદ્ધિવાળી જાતની ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય.
- પાનનો કોક્ડવા તથા ફળ કોરી ખાનારી ઈયળમાં નિયંત્રિત જાતો કરતા સારી પ્રતિકારક છે.
- ભૂકીછરાના નિયંત્રણ માટે પાકમાં રોગની શરૂઆત થાય એટલે દ્રાવ્ય ગંધક ૮૦% વાળો ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

» મરચી: ગ્રીન હાઉસમાં કેપ્સીકમ મરચીમાં ૨૦ થી ૨૫ દિવસે છોડની અગ્રકલિકા દૂર કરવી.

» રીંગણી : ડોલી-૫, જૂનાગઢ લોંગ, ગુ.રી.હા.-૧, જી.આર.બી.-૫ નું વાવેતર કરવું

» જીપ્સમનો ઉપયોગ: જમીન સુધારક-જીપ્સમનો ઉપયોગ-સામાન્ય રીતે જે જમીનનો આમલતા આંક (પી.એચ) ૮.૫ થી વધુ હોય, તેવી જમીન ભાસ્મિક જમીન તરીકે ઓળખાય છે.

# ઘઉંની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

ડો.બી.વી.હુમર અને ડો.આર.એસ.પરમાર, મદદનીશ પ્રાધ્યાપક અને હેડ, જનીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, મોટા ભંડારીયા (અમરેલી)

ગુજરાત રાજ્યમાં ધાન્ય પાકોની ખેતીમાં ઘઉં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતના મોટા ભાગના લોકો રોજબરોજના ખોરાકમાં ઘઉંનું ખૂબ સારૂ મહત્વ ધરાવે છે. દુનિયા અને ભારતમાં ઘઉંનો પાક ડાંગર પછી બીજું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ઘઉંનું વાવેતર અંદાજિત ૧૦ લાખ હેક્ટર કરતાં વધારે વિસ્તારમાં થાય છે. ગુજરાતમાં ઘઉંનું વાવેતર પિયત અને બિનપિયત એમ બે રીતે થાય છે. જે ટુકડી અને ભાલીયા ઘઉંની અલગ અલગ જાતોની ખેતી કરવામાં આવે છે. આમાં બિનપિયત ઘઉંનું વાવેતર મોટાભાગ ભાલીયા વિસ્તારમાં(ભાવનગર) કરવામાં આવે છે. જ્યાં ચોમાસા દરમ્યાન પાણી ભરાઈ રહેતા કોઈ પાક લેવાતો નથી. વાવણી સમય અને સમયને અનુરૂપ જાતની પસંદગી પરંતુ ચોમાસાનું પાણી સુકાઈ ગયા પછી જમીનમાં રહેલા ભેજનો ઉપયોગ કરીને શિયાળામાં ઘઉંનું વાવેતર કરવામાં આવે છે. જ્યારે પિયત આધારિત ઘઉંનું વાવેતર મુખ્યત્વે ચોમાસા ઉપર આધાર રાખે છે. જો ચોમાસા દરમ્યાન સારો વરસાદ થયો હોય અને કૂવાઓમાં પિયત પાણી માટે પૂરતી વ્યવસ્થા હોય તો ઘઉંના વાવેતરનો વિસ્તાર વધે છે. પિયત ઘઉંની સરેરાશ ઉત્પાદકતા ૩૦૦૦ થી ૩૫૦૦ કિલો જેટલી થાય છે. જ્યારે બિનપિયત ઘઉંની ઉત્પાદકતા ૫૩૨ થી ૫૫૦ કિલો જેટલી છે. ૧૯૬૫ ની હરિયાળી ક્રાંતિ પછી ઘઉંના ઉત્પાદનમાં તેમજ તેની ઉત્પાદકતામાં વધારો થયો છે. આપણે અન્નક્ષેત્રે માત્ર સ્વાવલંબી જ નહિ, પરંતુ બહારના દેશોમાં નિકાસ કરી શકીએ તેવી સારી સ્થિતિમાં છીએ. વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવતી ઘઉંની ખેતીમાં ઉત્પાદન રાજ્યના સરેરાશ ઉત્પાદન કરતાં ઘણું વધારે છે. જે બતાવે છે કે રાજ્યમાં ઘઉનું ઉત્પાદન વધારી શકીએ તેમ છીએ. ઘઉંની ખેતી વૈજ્ઞાનિક પદ્ધતિથી કરવા માટે વાવણીનો સમય, સમયને અનુરૂપ જાતની પસંદગી, છોડની સંખ્યા, ખાતર આપવાની પદ્ધતિ અને સમય, જાતોની પસંદગી, ખાતરનો જથ્થો, પિયત વ્યવસ્થા વગેરેને ધ્યાનમાં રાખી જો ખેતી કરવામાં આવે તો ઓછા ખર્ચે વધારાનું ઉત્પાદન મેળવી શકાય.

» ૧.જમીનની તૈયારી -

- ઘઉંનું ઉત્પાદન વધારવા માટે ૧૦ થી ૧૫ ટન જેટલું છાણિયું ખાતર પ્રતિ હેક્ટરે પ્રાથમિક ખેતી કરતી વખતે જમીનમાં ભેળવવું જોઈએ. ખેતરમાંથી અગાઉના પાકના જડીયાં, મૂળિયા વીણીને ખેતર તૈયાર કરવું જોઈએ. એકમ વિસ્તારમાં છોડની પૂરતી સંખ્યા મેળવવા માટે બીજનો સારો ઉગાવો જરૂરી છે, બીજના સારા ઉગાવા માટે જમીનને ખેડી મોટા ઢેફા હોય તો ભાંગી સમાર મારી જમીનને સમતલ બનાવવી, સમતલ જમીનમાં પિયત સરખી રીતે આપી શકાય છે. સ્વાવલંબી સમય અને સમયને અનુરૂપ જાતની પસંદગી: ઘઉંના પાકને ઠંડુ વાતાવરણ અને સૂકી આબોહવા વધુ માફક આવે છે. આપણા રાજ્યમાં ઠંડીનો ગાળો ઘણો ટૂંકો હોવાથી પિયત ઘઉંની વાવણી નવેમ્બર માસનાં મધ્ય ભાગમાં (૧૫મી નવેમ્બરથી ૨૫મી નવેમ્બર કરવી જોઈએ. જેથી પાકને વધુમાં વધુ ઠંડીનો લાભ મળી શકે. ઘઉંની વહેલી કે મોડી વાવણી કરવાથી પાકના ઉત્પાદન પર ગરમીને લીધે ઘણી માઠી અસર થાય છે. પરિણામે ઊગેલા ઘઉંના પાન સફેદ દેખાય છે. ઘઉંની ફૂટ સારી થતી નથી જ્યારે મોડી વાવણી કરવાથી પાકને ઠંડીનો ગાળો ઓછો મળે છે તેમજ ડુંડીમાં દાણા ભરાય તે સમયે તાપમાન ઊંચું હોય છે. જે ઘઉંનાં દાણા ઉપર ખૂબ જ માઠી અસર કરે છે. ગરમીને લીધે દાણા ચીમળાઈ જાય છે અને પાતળા પડી જાય અને ડુંડી પૂરતી ભરાતી નથી એટલે કે વહેલી કે મોડી વાવણી ન કરતાં ઘઉંની સમયસર વાવણી કરવાથી ખૂબ સારું પાક ઉત્પાદન મેળવી શકાય છે. ગુજરાતમાં ટુકડી અને ભાલીયા ઘઉંની અલગ અલગ જાતોની ખેતી કરવામાં આવે છે.

» ૨.જાતોની પસંદગી:

- અ. વહેલી વાવણી માટે : વહેલી વાવણી ઓક્ટોબરના બીજા પખવાડિયાથી લઈ નવેમ્બરના પ્રથમ પખવાડિયા દરમ્યાન કરવામાં આવે છે. આ ગાળામાં રાત્રી અને દિવસનું સરેરાશ તાપમાન ઊંચું હોવાથી દાણાના ઉગાવા પર વિપરીત અસર થાય છે અને છોડ તેમજ ફૂટની સંખ્યા ઘટે છે. પરિણામે ઉત્પદનમાં ૧૮-૨૦ ટકા ઘટાડો થાય છે. આમ, વહેલું વાવેતર સલાહભર્યું નથી. જીડબલ્યુ- ૪૬૩ બ.સમયસરની વાવણી :૧૫ થી ૨૫ નવેમ્બર દરમિયાન કરવામાં આવતી વાવણીને સમયસરની વાવણી કહે છે. ગુજરાત રાજ્યમાં ઘઉંની વાવણી માટેનો આ શ્રેષ્ઠ સમયગાળો છે. આ ગાળામાં રાત્રી અને દિવસનું ઉષ્ણતામાન ૨૦-૨૫ અંશ સેન્ટીગ્રેડની આસપાસ હોય છે. જે ઘઉંના છોડના ઉગાવા માટે ખુબ જ અનુકૂળ છે.

આ સમયગાળામાં વાવેતર કરવાથી ફૂટ અને દાણા ભરાવા સમયે ઉષ્ણતામાન નીચું રહેતું હોવાથી પાકની વૃધ્ધિ સારી થાય છે અને મહત્તમ ઉત્પાદન મળે છે. જીડબલ્યુ-૫૧૩, જીડબલ્યુ- ૪૫૧, જીડબલ્યુ- ૩૬૬, લોક-૧, જીડબલ્યુ- ૪૬૩, જીડબલ્યુ- ૪૬૩, જીડબલ્યુ- ૧૧, જીડબલ્યુ- ૨૭૩, જીડબલ્યુ- ૫૦૩ અને જીડબલ્યુ-૩૨ ડ્યુરમ કે જે ભાલીયા, કાઠીયા અને દાઉદખાની ની જાતો કે જે - જીડબલ્યુ- ૧૨૫૫, જીડબલ્યુ-૧૩૩૯, જીડબલ્યુ- ૧૧, રાજ-૧૨૫૫ છે. ક.મોડી વાવણી :મોડી વાવણી ૨૬ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર વચ્ચે કરવામાં આવે છે. મોડી વાવણી કરવાથી ફૂટની સંખ્યા અને ઉંબીમાં દાણાની સંખ્યામાં ઘટાડાની સાથે સાથે દાણા ભરાવા સમયે ઊંચા ઉષ્ણતામાનના કારણે દાણા પૂરતા પોષાતા નથી અને ચીમળાઈ જાય છે જેના કારણે ઉત્પાદનમાં આશરે ૧૮ ટકાનો ઘટાડો થાય છે. જીડબલ્યુ- ૧૭૩, જીડબલ્યુ- ૧૧, લોક-૧, એમપી- ૩૨૮૮ અને જીડબલ્ધુ-૪૯૯ બીન પિયત માટે : જીડબલ્યુ-૧, જીડબલ્યુ-૨ અને એ-૨૦૬.





# અમરેલી જિલ્લાના યુવાન ખેડૂતે નોકરી છોડી ૧૫ વીઘામાં પ્રાકૃતિક ખેતી અપનાવી

» આત્મા, બાગાયત અને ખેતીવાડીની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવ્યો - નક્ષત્ર આધારિત વાવણી પરંપરાગત ખેતીનો પુન: પ્રારંભ કરવાની નેમ

» પ્રાકૃતિક ખેતી એ ઓછાં ખર્ચે સારૂ ઉત્પાદન મેળવવાની ચાવી છે : પ્રગતિશીલ ખેડૂત પ્રવિણભાઈ બાંભણીયા

» ડ્રીપ ઇરિગેશન દ્વારા જીવામૃત આપવામાં આવે છે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ

» કૂવો રિચાર્જ કરી જળ સંવર્ધન અને જળ સંરક્ષણની દિશામાં આવકારદાયક પગલું ભરતા ખેડૂત

» અમરેલી જિલ્લાના દરિયાકાંઠાના સાહસી યુવાન ખેડૂતનું પ્રાકૃતિક ખેતીનું મોડેલ ફાર્મ અન્ય ખેડૂતો માટે પ્રેરણાધામ બની રહ્યું છે







આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ લઈ જવા માટે મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન અને દિશાનિર્દેશમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસો થઈ રહ્યા છે ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં અમરેલી જિલ્લો હરણફાળ ભરી રહ્યો છે.

ભૌગોલિક રીતે વૈવિધ્યસભર અમરેલી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં એક યુવાન ખેડૂતે પ્રાકૃતિક ખેતીના અભિયાનનું બીડું ઝડપ્યું છે. જિલ્લાના જાફરાબાદ તાલુકાના રોહીસા ગામના ખેડૂત પ્રવિણભાઈ બાંભણીયાએ ૩૦ વર્ષની યુવાન વયે નોકરી છોડી અને પ્રાકૃતિક ખેતી અપનાવી છે.

આલેખન:
જય મિશ્રા

ભવાની પ્રાકૃતિક ફાર્મના બેનર તળે પ્રવીણભાઇ ઋતુ મુજબના શાકભાજી, માંડવી, જીરૂ, લસણ, બાજરી, ઘઉં, મગ, મઠ, અડદ, હળદર અને કેળની ખેતી કરી સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે, ચાર વર્ષ પહેલા મેં નોકરી છોડી, પ્રાકૃતિક ખેતી અપનાવી છે.

અમારો પરિવાર સંયુક્ત પરિવાર છે. પ્રાકૃતિક ખેતીમાં મને મારા બંધુઓ ભીમજીભાઈ અને ભાણજીભાઈનો ખૂબ સહયોગ મળી રહ્યો છે. પ્રાકૃતિક ખેતી એ ઓછાં અથવા તો એમ કહીએ કે બિનખર્ચાળ જેવી અને સારી જાતનું વધુ ઉત્પાદન-ઉપજ આપવા માટેની ચાવી છે. રાસાયિણક ખાતરના ઉપયોગથી ખેતી ખર્ચ વધી શકે પણ આ પ્રાકૃતિક ખેતી ખેડૂત માટે સમૃદ્ધિના દ્વાર ખોલનારી છે.

હાલમાં, સરેરાશ એક વીઘામાં રુ.૦૧ લાખ જેટલું ઉત્પાદન મળી રહ્યું છે. બે ગાય દ્વારા રોજ ૧૦૦-૧૦૦ લિટર જીવામૃત થઈ રહ્યું છે, તેને સ્ટોર કરવા બે ટેંકની વ્યવસ્થા છે. ડ્રીપ ઈરિગેશનથી જીવામૃત પિયત તરીકે આપવામાં આવે છે. જીવાત નિયંત્રણ માટે પંચપર્ણી અર્ક, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર વગેરે જેવી પ્રાકૃતિક દવાઓ કારગર છે. આ પદ્ધતિ દ્વારા જમીન ફળદ્રુપ બને અને ઉત્પાદન ઘટતું નથી.

પાણીના ટીપે ટીપાંનું મહત્વ સમજતા પ્રવિણભાઈ બાંભણીયા દરિયાકાંઠાના ખેડૂત છે. ખેતીવાડી વિભાગની આશરે રુ.૨૪,૦૦૦ની સબસિડી તેમણે ગયા વર્ષે મેળવી. આ સબસિડીનો યોગ્ય ઉપયોગ કરી, કૂવો રિચાર્જ કર્યો, પાણીનું સંવર્ધન અને જતન કર્યુ છે.

ખેતીમાં પ્રયોગાત્મક અને નવા પાક અપનાવવાના પ્રવાહને પણ પ્રવીણભાઇએ અપનાવી લીધો. કપાસ, મગફળી જેવા મુખ્ય પાક થાય તે જગ્યાએ તેમણે આ વર્ષથી કેળના બગીચા માટે સાહસ ખેડ્યું. કેળ રોપવા માટે રાજય સરકારના બાગાયત વિભાગની અંદાજે રૂા. ૩૫,૦૦૦ની સહાય મેળવી.

રોહીસાનું આ ભવાની પ્રાકૃતિક ફાર્મ એ અનેક ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ તરીકે પ્રેરણાધામ બન્યું છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાઠ શીખવા મળી શકે તેમ છે.

# ભારતને ઝટકો : સ્વિત્ઝરલેન્ડે મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચતા ૧૦૦ અબજ ડોલરના રોકાણને ફટકો

નવીદિલ્હી,તા.૧૫



ભારત માટે ઝટકારૂપ પગલા અંતર્ગત સ્વિત્ઝરલેન્ડે ભારતનો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચી લીધો હતો. જેના કારણે સ્વીસ રોકાણ પર અસર થવા ઉપરાંત ટેકસ મામલે મોટો પ્રભાવ પડી શકે છે. આ પગલાથી ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી સ્વિત્ઝરલેન્ડ મારફત થતી કમાણીમાં વધુ ટેકસ ચૂકવવો પડશે. ભારતીય કંપનીઓને સ્વિત્ઝરલેન્ડમાંથી થતી કમાણીમાં ૧૦ ટકા ટેકસ ચુકવવો પડશે.

સ્વિત્ઝરલેન્ડએ ભારતમાં નેસ્લે સંબંધી કેસના પ્રકરણને આગળ ધરીને ભારત વિરૂધ્ધ આ નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટે નેસ્લે જેવી સ્વીસ કંપનીઓના કેસમાં ડિવિડન્ડ પર વધુ ટેકસનો આદેશ કર્યો હતો. અદાલતે ચુકાદામાં એમ કહ્યું હતું કે આર્થિક સહયોગ અને વિકાસ સંગઠનમાં સામેલ થતા પૂર્વે ભારત સરકારે કોઈ દેશ સાથે ટેકસ સમજુતી કરી હોય તો પણ મોસ્ટ ફેવર્ડ નેશનની જોગવાઈ આપોઆપ લાગુ થતી નથી. ભારતે કોલંબીયા તથા લિથુઆનિયા સાથે ટેકસ સમજુતી કરી હતી.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સ્વીસ સરકારના કદમથી ભારતમાં સ્વિત્ઝરલેન્ડના રોકાણને અસર થશે. ઉપરાંત ભારતીય કંપનીઓએ વધુ ટેકસ ચુકવવો પડશે. યુરોપીયન ફ્રી ટ્રેડ એસોસિએશન અંતર્ગત ૧૫ વર્ષમાં ૧૦૦ અબજ ડોલરના રોકાણની પ્રતિબધ્ધતા જાહેર થઈ હતી. આ રોકાણને હવે મોટો ફટકો પડી શકે છે.

# આમ આદમી પાર્ટીની ચોથી યાદી જાહેર, અરવિંદ કેજરીવાલ નવી દિલ્હીથી ચૂંટણી લડશે

નવીદિલ્હી,તા.૧૫



આમ આદમી પાર્ટીની ચોથી યાદી જાહેર થઈ છે, અરવિંદ કેજરીવાલ નવી દિલ્હીથી ચૂંટણી લડશે. દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. આ દરમિયાન સીએમ આતિશી સિંહ કાલકાજી સીટ પરથી ચૂંટણી લડશે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ચોથી યાદીમાં કુલ ૩૫ નામ છે. દિલ્હીમાં કુલ ૭૦ વિધાનસભા બેઠકો છે અને આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં ૬૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી તેમાં ૧૧ ઉમેદવારોના નામ હતા. જ્યારે બીજી યાદી જાહેર કરી તેમાં ૨૦ ઉમેદવારોના નામ હતા. ત્રીજી યાદીમાં માત્ર એક જ નામ હતું અને ચોથી યાદીમાં ૩૫ નામ છે. બીજી યાદીમાં પાર્ટી દ્વારા જાહેર કરાયેલા ૨૦ નામોમાંથી ૧૭ નવા ચહેરા હતા. આનાથી સ્પષ્ટ થાય છે કે આમ આદમી પાર્ટીએ પણ એન્ટી ઈન્કમ્બન્સીનો સામનો કરવાની તૈયારી કરી લીધી છે.

# ધોરાજીમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા નેત્ર કેમ્પ યોજાયો

ધોરાજી,તા.૧૫




ધોરાજીમાં એસટી ડેપો ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને ડેપોના કર્મચારીઓના સહકારથી આંખના દર્દીઓની તપાસ અને નિઃશુલ્ક ચશ્મા વિતરણનો કેમ્પ યોજાયો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના નયનાબેન અંટાળા, પ્રકાશભાઈ ગાલોરીયા તેમજ એસટી ડેપોના અધિકારી, કર્મચારીઓના સહયોગથી યોજાયેલ કેમ્પમાં નેત્રરોગના નિષ્ણાત તબીબો દ્વારા ૪૦૦ જેટલાં લોકોની તપાસ કરાઈ હતી. જેમાં ૩૮૧ લોકોને નિઃશુલ્ક ચશ્મા આપવામાં આવ્યા હતા.

# રામ મંદિર બનાવનારા કારીગરોનું સન્માન કરવામાં આવ્યું જ્યારે તાજમહેલ બનાવનારાના હાથ કાપવામાં આવ્યા : યોગી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૫



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મુંબઈમાં વર્લ્ડ હિન્દુ ઈકોનોમિક ફોરમના વાર્ષિક સંમેલનને સંબોધિત કરતી વખતે ભાજપ સરકારમાં કામદારોના સન્માનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિર બનાવનારા કાર્યકરોનું સન્માન કર્યું. તાજમહેલ બનાવનાર મજૂરોના હાથ કાપી નાખવામાં આવ્યા હતા. મુંબઈના બીકેસીમાં જીયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ૧૩ ડિસેમ્બરથી શરૂ થયેલ 'વિશ્વ હિન્દુ ઈકોનોમિક ફોરમ' આજે સમાપ્ત થયું છે

યોગી આદિત્યનાથે કહ્યું, "તમે જોયું જ હશે કે કેવી રીતે ૨૨ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામ મંદિર બનાવનાર કામદારોનું સન્માન કરી રહ્યા હતા. એક તરફ પીએમ તેમના પર ફૂલ વરસાવી રહ્યા હતા, તો બીજી તરફ, આ પહેલાની સ્થિતિ. એવું કહેવાય છે કે તાજમહેલ બનાવનારા મજૂરોના હાથ કાપી નાખવામાં આવ્યા હતા. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે ઈતિહાસમાં કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારોના હાથ પણ કાપી નાખવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર પરંપરા અને વારસાનો નાશ થયો હતો.

યુપીના સીએમએ કહ્યું, "આજે ભારત તેના શ્રમબળનું સન્માન કરે છે અને તેમને દરેક પ્રકારની સુરક્ષા પૂરી પાડે છે.

# અપ્રિય ભાષણ કેસમાં સુપ્રીમ કોલેજિયમે જસ્ટિસ શેખર યાદવને સમન્સ પાઠવ્યું

નવીદિલ્હી,તા.૧૫

અલાહાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ શેખર કુમાર યાદવ, જેઓ અપ્રિય ભાષણના આરોપોનો સામનો કરી રહ્યા છે, તેમને સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા આવતા અઠવાડિયે બેઠક માટે બોલાવવામાં આવ્યા છે. આ બેઠક ૧૭મી ડિસેમ્બરે યોજાઈ શકે છે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમનું નેતૃત્વ ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના કરે છે. હકીકતમાં, ૧૦ ડિસેમ્બરે, સુપ્રીમ કોર્ટે વિશ્વ હિંદુ પરિષદની કાનૂની શાખા દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં જસ્ટિસ યાદવ દ્વારા આપેલા ભાષણ પર સંજ્ઞાન લીધું હતું અને હાઈકોર્ટ પાસે તેના વિશે માહિતી માંગી હતી. સુપ્રીમ કોર્ટની કોલેજિયમ આ મુદ્દે જસ્ટિસ યાદવ સાથે ચર્ચા કરશે. બેઠક બાદ આના પર શું પગલા લેવામાં આવશે તે જોવું મહત્વપૂર્ણ રહેશે. તમને જણાવી દઈએ કે જસ્ટિસ યાદવ એપ્રિલ ૨૦૨૬માં નિવૃત્ત થવા જઈ રહ્યા છે.

# ભાજપ ચૂંટણી માટે હિન્દુત્વનો ઉપયોગ કરે છે : આદિત્ય ઠાકરે

(એચ.એસ.એલ)મુંબઈ,તા.૧૫



મહારાષ્ટ્રમાં, શિવસેના યુબીટી નેતા અને ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ એક પ્રેસ કોન્ફરન્સમાં ઘણા મુદ્દાઓ પર ખુલ્લેઆમ તેમના વિચારો વ્યક્ત કર્યા. હિન્દુત્વ ઉપરાંત આદિત્યએ મહારાષ્ટ્રની નવી સરકાર અને સંસદમાં પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધીના નિવેદનો પર પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ભાજપ ચૂંટણી માટે હિન્દુત્વનો ઉપયોગ કરે છે. શિવસેના યુબીટીના નેતાએ કહ્યું કે દેશભરમાં જે હિંદુ મંદિરો અને હિંદુઓ જોખમમાં છે તેમાંથી મોટાભાગના ભાજપના રાજ્યમાં જ છે. આદિત્ય ઠાકરેએ વધુમાં કહ્યું કે ભાજપ સરકાર દરમિયાન દાદર વિસ્તારમાં આવેલા ૮૦ વર્ષ જૂના હનુમાન મંદિરને નોટિસ મોકલવામાં આવી હતી. જો તેમનામાં એટલી હિંમત હોય તો ભાજપના નેતાઓએ બાંગ્લાદેશમાં હિન્દુઓને બચાવી લેવા જોઈએ. અમારી માંગ છે કે હનુમાન મંદિરને મોકલવામાં આવેલી નોટિસ પર સ્ટે લાવવો જોઈએ. હું આજે હનુમાન મંદિરના દર્શન કરવા જઈશ.

# પ્રસિદ્ધ તબલાવાદક અને પદ્મ વિભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન

મુંબઈ, તા.૧૫



વિશ્વ પ્રસિદ્ધ તબલાવાદક અને પદ્મ વિભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું છે. તેમની સાન ફ્રાન્સિસ્કોમાં સારવાર ચાલી રહી હતી. ત્યાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો જન્મ ૯ માર્ચ, ૧૯૫૧ના રોજ મુંબઈમાં થયો હતો. ઉસ્તાદ ઝાકિર હુસૈનને ૧૯૮૮માં પદ્મશ્રી, ૨૦૦૨માં પદ્મ ભૂષણ અને ૨૦૨૩માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ઝાકિર હુસૈનને ત્રણ ગ્રેમી એવોર્ડ પણ મળ્યા હતા. ૧૯૭૩માં તેમણે પોતાનું પહેલું આલ્બમ 'લિવિંગ ઈન ધ મટિરિયલ વર્લ્ડ' લોન્ચ કર્યું. ઝાકિર હુસૈનને નાનપણથી જ ધૂન વગાડવાનો શોખ હતો.

# સંભલમાં ગેરકાયદે બાંધકામો હટાવવા બુલડોઝરની કાર્યવાહી

સંભલ,તા.૧૫



સંભલમાં, વહીવટી તંત્રે અતિક્રમણ સામે કડક વલણ અપનાવ્યું છે અને રસ્તાની બાજુના ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ચલાવવાનું શરૂ કર્યું છે. સાંસદ જિયા ઉર રહેમાનના વિસ્તાર બાદ હવે સપા ધારાસભ્ય સદરના ધારાસભ્ય ઈકબાલ મેહમૂદના વિસ્તારમાં અતિક્રમણ હટાવવાનું કામ ચાલી રહ્યું છે. આ કાર્યવાહીની શરૂઆતથી, ઘણા મકાનો અને દુકાનો દૂર કરવામાં આવી છે. સંભલમાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી વહીવટી તંત્ર દ્વારા અતિક્રમણ હટાવવાની કામગીરી ચાલી રહી છે. આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય રસ્તાઓને અતિક્રમણથી મુક્ત કરવાનો અને લોકોને પરિવહનની સરળતા પૂરી પાડવાનો છે. ગેરકાયદે બાંધકામો હટાવવાની સમગ્ર કાર્યવાહી કલેકટરની દેખરેખ હેઠળ કરવામાં આવી રહી છે.

# ઉનાના ચાચકવડ ગામે આર્મીની ટ્રેનિંગ પૂરી કરી પરત ફરતા જવાનનું શાનદાર સ્વાગત

ઉના, તા.૧૫



ઈન્ડિયન આર્મીની ટ્રેનિંગ પૂરી કરી વાળા રાજેશભાઈ કરસનભાઈ પોતાના માદરે વતન ચાંચકવડ ગામે પરત ફરતા ગામના લોકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. ગામલોકોએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. ગામના સરપંચ નારણભાઈ સોલંકી તથા રમેશભાઈ કામલિયા અને વિજાભાઈ રામ જેવા આગેવાનો જોડાયા હતા. ગામના લોકોમાં અને યુવાનોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

# કેનેડામાં રહેતા ૭ લાખ ભારતીય વિદ્યાર્થીઓની વર્ક પરમિટની સમયસીમા સમાપ્ત થવાની તૈયારીમાં

નવીદિલ્હી,તા.૧૫



કેનેડામાં જસ્ટિન ટ્રૂડોની સરકાર ઈમિગ્રન્ટ્સને લઈને કડક હોવાનું જણાય છે. એવામાં ગુજરાતીઓ સહિત ભારતીય વિદ્યાર્થીઓ સહિત ૭ લાખ વિદેશી વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં છે. કેનેડામાં ૨૦૨૫ના અંત સુધીમાં લગભગ ૫૦ લાખ અસ્થાયી પરમિટની સમયસીમા સમાપ્ત થવાની તૈયારીમાં છે. આવી સ્થિતિમાં કેનેડાના ઈમિગ્રેશન અધિકારીઓને આશા છે કે પરમિટની મુદત પૂરી થયા બાદ મોટાભાગના ઈમિગ્રન્ટ્સ કેનેડા છોડી દેશે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે આ સપ્તાહની શરૂઆતમાં આ માહિતી આપી હતી. આ ૫૦ લાખ પરમિટોમાંથી ૭ લાખ પરમિટ વિદેશી વિદ્યાર્થીઓ માટે છે જેઓ ટ્રૂડો સરકારની તાજેતરની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓને કારણે પડકારોનો સામનો કરી રહ્યા છે. જો કે, આગામી એક વર્ષમાં લાખો વર્ક પરમિટની સમયસીમા સમાપ્ત થવાની તૈયારીમાં છે અને વિદ્યાર્થીઓ કડક ઈમિગ્રેશન નીતિઓ વચ્ચે કાયમી રહેઠાણ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અગાઉ, કેનેડાએ પહેલાથી જ ૨૦૨૪ માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પરમિટમાં ૩૫% ઘટાડો કર્યો હતો. વધુમાં ટ્રૂડો સરકાર ૨૦૨૫માં ૧૦%નો વધુ ઘટાડો કરવાની યોજના ધરાવે છે.

# ઘાંટવડ ગામમાં આધાર કાર્ડ કેમ્પ કરવા ઉપ સરપંચે કલેકટરને રજૂઆત કરી

ઉના, તા.૧૫



આધાર કાર્ડ આજના સમયમાં એક મહત્વપૂર્ણ દસ્તાવેજ બની ગયો છે. ઘણી સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ લેવા માટે આધાર કાર્ડ હોવું ખુબ જરૂરી છે. ઘાંટવડ અંદાજીત ૧૨૦૦૦ જેટલી વસ્તી ધરાવતુ ગામ છે અને ગરીબ મધ્યમ વર્ગના લોકો વસવાટ કરે છે. હાલ સરકાર દ્વારા ફાર્મર રજીસ્ટ્રી તથા રાશનકાર્ડ કેવાયસી અપડેટ ચાલુ હોય તેથી, આધાર કાર્ડમાં મોબાઈલ નંબર લિંક તથા નામ સુધારા વધારા જેવી અનેક સમસ્યા છે તેથી અનેક લોકો કેવાયસીથી વંચિત રહી ગયા છે. તેથી ઘાંટવડ ગામમાં આધાર કાર્ડનો કેમ્પ રાખવા ઘાંટવડ ગામના ઉપસરપંચ નટવર સિંહ ઝાલા દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.

# બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયાના બોલર્સને હંફાવ્યા, હેડ-સ્મિથની સદી, બુમરાહે પાંચ વિકેટ ઝડપી

બ્રિસ્બેન, તા.૧૫



ગાબા ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે બીજા દિવસે રવિવારે પહેલી ઈનિંગમાં ૭ વિકેટે ૪૦૫ રન બનાવ્યા છે. વિકેટકીપર એલેક્સ કેરી ૪૫ રને અને મિચેલ સ્ટાર્ક ૨૦ રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. બ્રિસ્બેનના ધ ગાબા મેદાન પર રમાઈ રહેલી આ મેચમાં યજમાન ટીમે ૨૮/૦ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું હતું. ઓસ્ટ્રેલિયન ટીમ માટે સ્ટીવ સ્મિથે ૧૦૧ રનની સદી અને ટ્રેવિસ હેડે ૧૫૨ રનની ઈનિંગ રમી હતી. બંને વચ્ચે ચોથી વિકેટ માટે ૨૪૧ રનની ભાગીદારી થઈ હતી. ઓપનર ઉસ્માન ખ્વાજા ૨૧ રન બનાવીને આઉટ થયો હતો. ભારતીય ટીમ તરફથી જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ઝડપી હતી. મોહમ્મદ સિરાજ અને નીતિશ રાણાને એક-એક વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયાની ટીમે પહેલી ઈનિંગમાં ૪૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. મિચેલ સ્ટાર્કે પોતાની ૧૦૦મી ઓવર નાંખી રહેલા મોહમ્મદ સિરાજના બોલ પર રન લઈને ટીમને ૪૦૦ સુધી પહોંચાડી દીધી હતી. ઓસ્ટ્રેલિયાએ ૯૮મી ઓવરમાં સાતમી વિકેટ ગુમાવી હતી. અહીં કેપ્ટન પેટ કમિન્સ ૨૦ રન બનાવીને આઉટ થયો હતો. તેને મોહમ્મદ સિરાજે વિકેટકીપર રિષભ પંતના હાથે કેચ આઉટ કરાવ્યો હતો.

# મણિપુરમાં ફરી હિંસા ભડકી, કામ પરથી પરત ફરી રહેલા બિહારના બે મજૂરોની ગોળી મારીને હત્યા

(એચ.એસ.એલ),ઈમ્ફાલ,તા.૧૫



મણિપુરમાંથી ફરી એકવાર હિંસાના અહેવાલો સામે આવી રહ્યા છે. રાજ્યમાં બદમાશોએ બિહારના બે મજૂરોની ગોળી મારીને હત્યા કરી નાખી છે. હત્યાની આ ઘટના કાકચિંગ જિલ્લામાંથી જણાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, બંને પરપ્રાંતિય મજૂરો કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી. જીવ લેનારા હુમલાખોરોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના શનિવારે સાંજે લગભગ ૫.૨૦ વાગ્યે બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને મજૂરો કાકચિંગ જિલ્લાના કેરકમાં બાંધકામનું કામ કરીને પરત ફરી રહ્યા હતા. આ અંગે કાકચિંગ પોલીસે જણાવ્યું કે આ ઘટના પંચાયત ઓફિસની નજીક બની હતી અને બંને મૃતકોની ઓળખ મોહન સાનીના પુત્ર સુનાલાલ કુમાર (૧૮) અને દશરથ કુમાર (૧૭) તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, બંને મજૂરો બિહારના ગોપાલગંજ જિલ્લાના રાજવાહી ગામના રહેવાસી હોવાનું કહેવાય છે, જે યાદવપુર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે.

# ગુજરાતમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપાયું, ૩ની ધરપકડ કરાઈ

સુરત,તા.૧૫



ગુજરાતમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓને અટકાવવા માટે સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા આવી જ કડક કાર્યવાહી સુરતમાં હાથ ધરવામાં આવી હતી. રાજ્યમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડવામાં એસએમસીને મોટી સફળતા મળી છે. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો સ્ટેટ મોનિટરીંગ સેલે બાતમીના આધારે કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડ્યુ હતું. એસએમસીની અલગ અલગ ટીમે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમની પાસેથી ૫૯ ટન આયાતી અને ૮ ટન મિક્ષ કોલસો મળી આવ્યો છે. જ્યારે ૩૫ ટન વેસ્ટ કોલસાનો જથ્થો પણ હાથ લાગ્યો છે. આ ઉપરાંત બે ટ્રક અને રોકડા રૂપિયા, એક કાર સહિતનો કુલ ૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એટલુ જ નહીં ચાર લોકોને વોન્ટેડ પણ જાહેર કરવામાં આવ્યા છે. તેમજ કોલસો ક્યાંથી આવતો હતો અને કેવી રીતે લાવવામાં આવતો હતો તે બાબતે આરોપીઓની પૂછપરછમાં વધુ ખુલાસો થશે.

**આ સમય દરમિયાન ધર્મ કાર્ય અને અન્ય પૂર્વ નિર્ધારિત સમયે શરૂ થયેલા કાર્યોને પૂર્ણ કરી શકાય છે**

# આજથી થશે ધનાર્ક કમુરતાની શરૂઆત : એક મહિના સુધી શુભ અને માંગલિક કાર્યો બંધ

અમદાવાદ,તા.૧૫

આજથી એટલે કે કારતક સુદ પૂનમથી ધનાર્ક કમુરતા શરૂ થઈ રહ્યા છે. પરંપરાગત રીતે એક મહિના સુધી કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી, પરંતુ આ સમય દરમિયાન ધર્મ કાર્ય અને અન્ય પૂર્વ નિર્ધારિત સમયે શરૂ થયેલા કાર્યોને પૂર્ણ કરી શકાય છે. ધનાર્ક સમયગાળો ભગવાન શિવ અને પાર્વતીના વિવાહ પ્રસંગ સાથે પણ જોડાયેલો છે. આ એક માસ દરમિયાન ભગવાન વિષ્ણુ અને સત્યનારાયણની પૂજા અને કથાનું પણ વિશેષ મહત્વ સનાતન ધર્મના ગ્રંથોમાં જોવા મળે છે. વિક્રમ સવંતના વર્ષમાં કારતક સુદ પૂનમથી એક મહિના માટે ધનાર્ક કમુરતા શરૂ થતા હોય છે. ધનાર્ક કમુરતાનો



સમય સૂર્યની ગતિને કારણે નક્કી થાય છે. વિક્રમ સંવતના પંચાંગ મુજબ સૂર્ય એક રાશિમાં ૩૦ દિવસ રહેશે, સૂર્ય રાશિ બદલે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. આ પ્રકારની સંક્રાંતિ મોટે ભાગે અંગ્રેજી તારીખ મુજબ ૧૪, ૧૫ કે ૧૬ તારીખે આવતી હોય છે. સૂર્ય વૃશ્ચિક રાશિ છોડીને રવિવારથી એટલે કે આજથી ધન રાશિમાં પ્રવેશ કરી રહ્યો છે. જેથી આ સમયગાળાને ધનાર્ક કમુરતા તરીકે ઓળખવામાં આવે છે.

**અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો**

# અમદાવાદમાં ધોળકા-બાવળા રોડ પર અકસ્માતમાં યુવકનું નિપજ્યું મોત

અમદાવાદ, તા.૧૫



અમદાવાદમાં ધોળકા હાઈવે પર સિંધરેજ ગામ નજીક બાઈક અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થતાં અકસ્માત સર્જાયો. આ ગંભીર અકસ્માતમાં ૧૯ વર્ષીય યુવકનું મોત નિપજ્યું હતું. મૃતદેહને પીએમ અર્થે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. મૃતકનું નામ જગદીશ રૂપસંગભાઈ ઠાકોર હોવાનું સામે આવ્યું છે. પોલીસે અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ ધોળકા-બાવળા હાઈવે પરના અકસ્માતમાં યુવાન ભોગ બન્યો હતો. હાઈવ પર સિંધરેજ ગામ નજીક ટ્રક અને બાઈક વચ્ચે ભયંકર ટક્કર થઈ. આ ટક્કરના કારણે બાઈક ટ્રક નીચે ઘૂસી ગયુ હોવાનું વીડિયોમાં દેખાય છે. બાઈક ચાલક નીચે પટકાયો અને ઘટના સ્થળે જ ૧૯ વર્ષીય યુવકની મોત નિપજયું હતું. દરમ્યાન અકસ્માતમાં લોકો ભેગા થવાનો લાભ ઉઠાવી અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ફરાર થઈ ગયો.

**૪૩ વેપારીઓને ત્યાં જીએસટી વિભાગ દ્વારા કાર્યવાહી**

# અમદાવાદ સહિત ૯ શહેરોમાં સ્ટેટ જીએસટી વિભાગના દરોડા, ૬.૭૦ કરોડની કરચોરી ઝડપાઈ

અમદાવાદ,તા.૧૫




રાજ્યનાં ૯ શહેરોમાં આવેલા ૪૩ વેપારીઓને ત્યાં જીએસટી વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્યભરમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં વેડીંગ ગારમેન્ટ્સ ઈન્ડસ્ટ્રી પર સ્ટેટ જીએટી વિભાગ દ્વારા દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવી છે. રાજ્યનાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ, નવસારી, મહેસાણ, આણંદ, નડિયાદ અને અમરેલીમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમ્યાન ૬.૭૦ કરોડની કરચોરી પણ ઝડપાઈ છે. તેમજ તપાસ દરમ્યાન હજુ પણ કરચોરીનો આંકડો વધે તેવી શક્યતાઓ છે.

# સુરતમાં પ્રેમીપંખીડાએ તાપી નદીમાં ઝંપલાવ્યું, યુવકનો મૃતદેહ મળ્યો

સુરત,તા.૧૫





સુરતમાં પ્રેમીપંખીડાં ઘરેથી ભાગી જઈને બ્રિજ પરથી તાપી નદીમાં કૂદી ગયા હતા. આ અંગેની જાણ થતાં બંનેની શોધખોળ કરવામાં આવી હતી, જોકે, કોઈ પત્તો લાગ્યો નહોતો. આ દરમિયાન પ્રેમીનો મૃતદેહ તાપી નદીમાંથી ૪ દિવસે મળ્યો હતો, જ્યારે પ્રેમિકાનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. ઘટનાની વિગતો મુજબ, સુરતમાં રાકેશ નામનો યુવક અને તેની પ્રેમિકા બંનેએ બ્રિજ પરથી નદીમાં ઝંપલાવ્યું હતું. તેઓ છેલ્લા એક વર્ષથી એકબીજાને પ્રેમ કરતા હતા. પરંતુ પરિવારના દબાણ અને સમાજની નજરને કારણે તેઓ આ પ્રેમસંબંધને છુપાવીને રાખતા હતા. જોકે, આ પ્રેમસંબંધ કાયમ રહ્યો નહીં અને બંનેએ આખરે એક નિર્ણય લીધો કે તેઓ સાથે રહી શકશે નહીં. આથી, બંનેએ સાથે તાપી નદીમાં ઝંપલાવી દીધું હતું. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને શોધખોળ શરૂ કરી હતી. ૪ દિવસની શોધખોળ બાદ રાકેશનો મૃતદેહ તાપી નદીમાંથી મળી આવ્યો હતો. જ્યારે તેની પ્રેમિકા હજુ પણ લાપત્તા છે.

# જામનગરમાં કારચાલકે અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ મોત

જામનગર, તા.૧૫

ગુજરાતમાં અકસ્માતની ઘટના દિવસેને દિવસે વધી રહી છે. ઓવરસ્પીડને કારણે છાશવારે અકસ્માતની ઘટના બનતી હોય છે ત્યારે જામનગરમાં આવી જ એક ઘટના બની છે જેમાં કારચાલકે યુવકને અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જામનગરમાં ખોડિયાર કોલોની નજીક અકસ્માતની ઘટના બની હતી. જેમાં એક યુવક રોડ ક્રોસ કરી રહ્યો હતો તે દરમિયાન પૂરપાટ ઝડપે આવી રહેલી કારે યુવકને અડફેટે લીધો હતો. યુવક ફંગોળાયો હતો અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ કરી છે. નોંધનીય છે કે, મૃતક યુવકની ઓળખ બાકી છે તેમજ કારચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો હતો.

**ઇકો સેન્સિટિવ ઝોનનો સુરતમાં વિરોધ**

# સુરતમાં વસતા ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલીના ખેડૂત અગ્રણીઓ દ્વારા વરાછા ખાતે વિરોધ પ્રદર્શન

સુરત, તા.૧૫



ઈકો સેન્સિટિવ ઝોનમાં આવતા ગામોના ઘણાખરા ખેડૂતોના સંબંધીઓ સુરતમાં રહેતા હોવાને કારણે તેમના દ્વારા પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે વરાછા વિસ્તારમાં થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન ૫૦ કરતાં વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. સરકાર દ્વારા ગીર-સોમનાથ, જૂનાગઢ અને અમરેલીના ૧૯૬ ગામડાઓમાં ઈકો સેન્સિટિવ ઝોન જાહેર કરાયો છે. જેનો ગામડાના ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સુરતમાં વસતા ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલીના ખેડૂતો દ્વારા ઈકો સેન્સિટિવ ઝોન હટાવવાની માગ સાથે સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

















